આજનો સુવિચાર

ધરતીકંપ કરતા પણ
વધારે હોનારત
માનવ-માનવ
વચ્ચેનાં
ધિક્કારકંપથી
સર્જાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૪૨ જૂનાગઢ તા.૨૯-૦૧-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 42, Junagadh : Date : 29 January, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

કુંભમાં સંગમઘાટ પર ભાગદોડ : ૨૦ શ્રધ્ધાળુઓના મોત



ગત મોડી રાત્રે લગભગ ૧.૩૦ કલાકના સુમારે સંગમઘાટ પર અત્યંત ભીડના કારણે બેરીકેડ તુટી જતાં ભાગદોડ મચી - સેંકડો ઘાયલ

મૃત્યુઆંક ઘણો ઉંચો હોવાની આશંકા : સ્થિતિ નિયંત્રણ હેઠળ : બપોરે ૧૨ કલાક બાદ મૌની અમાસનું સ્નાન પુનઃ શરૂ કરાયું

પ્રયાગરાજ, તા.૨૯: મહાકુંભમાં આજે મૌની અમાવસ્યા પર સ્નાન માટે ભીડ અત્યંત વધી જવાથી ભાગદોડ મચી ગઈ હતી. ગત રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે પ્રયાગરાજના સંગમ કિનારે મૌની અમાવસ્યા પર સ્નાન કરવા માટે અચાનક ભીડ વધી ગઈ હતી. લોકો મુખ્ય સંગમ પર જ સ્નાન કરવાનો આગ્રહ રાખવા લાગ્યા. પછી અચાનક વધતી ભીડના દબાણને કારણે મેળામાં નાસભાગ મચી ગઈ. ચારે બાજુ ચીસો પડી રહી હતી. નાસભાગ મચી ગઈ. જેમાં ૨૦થી વધુ શ્રધ્ધાળુઓના મોત થયાના અહેવાલ છે. ૫૦થી વધુ ઘાયલ થયા છે. સ્વરૂપ રાની હોસ્પિટલમાં હાજર રિપોર્ટરના જણાવ્યા અનુસાર ૨૦ મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યા છે. જોકે, વહીવટીતંત્ર એ મૃત્યુ કે ઘાયલોની સંખ્યા અંગે કોઈ માહિતી આપી ન હતી.

મહાકુંભમાં, મૌની અમાસ પર સ્નાન કરવાનું વિશેષ મહત્વ માનવામાં આવે છે. જેના કારણે દેશના ખૂણે ખૂણેથી લોકો પ્રયાગરાજ પહોંચી રહ્યા હતા. ભાગદોડ સમયે હાજર રહેલા પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ રાત્રે ૧ વાગ્યાની આસપાસ સંગમની આસપાસ અચાનક ભીડ વધી ગઈ હતી. મહાકુંભમાં સ્નાન માટે ૪૫ ઘાટ બનાવવામાં આવ્યા છે, પરંતુ લોકો મુખ્ય સંગમ પર જ સ્નાન કરવાનો આગ્રહ રાખવા લાગ્યા. જેના કારણે ભીડ એકબીજાને ધક્કો મારતા આગળ વધવા લાગી. જેના કારણે ભીડને કાબૂમાં લેવા માટે મૂકવામાં આવેલા બેરિકેડ તૂટવા લાગ્યા. થોડી વારમાં જ કેટલીકસ્ત્રીઓનો શ્વાસ રૂંધાવા લાગ્યો અને તેઓ નીચે પડવા લાગી. જેના કારણે નાસભાગ વધુ વધી ગઈ અને લોકો બૂમો પાડવા લાગ્યા. તે દ્રશ્ય ખૂબ જ ડરામણું હતું. બાદમાં કોઈક રીતે વહીવટી ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. જેમણે પરિસ્થિતિને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો. ઘાયલોને ડઝનબંધ એમ્બ્યુલન્સની મદદથી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અકસ્માત સ્થળ તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું. જ્યાં ભક્તોના ચપ્પલ અને સામાન વેરવિખેર પડ્યા હતા.

વિશ્વના સૌથી મોટા એક જ સ્થળના માનવ મહેરામણ તરીકે સ્થાન મેળવનાર મહાકુંભ ૨૦૨૫માં મૌની અમાવસ્યાના પવિત્ર અમૃત સ્નાન પુર્વે જ ગઈકાલથી દેશભરમાં ઉમટેલા લાખો શ્રદ્ધાળુઓએ મધરાત બાદ જ ગંગાના વિવિધ ઘાટો પર સ્નાન માટે પહોંચવા કરેલી ઉતાવળ મંગળવારની રાત્રી જ અમંગળ બની ગઈ હતી.

મહાકુંભમાં પવિત્ર મનાતા બીજા અમૃત સ્નાનમાં પવિત્ર ત્રિવેણી સંગમના ૧૨ કિલોમીટર લાંબા ક્ષેત્રમાં મધરાતે ૧.૩૦ કલાકે અફવાના કારણે સર્જાયેલી ભાગદોડમાં છેલ્લા સમાચાર મળ્યા ત્યારે ૨૦ લોકોના મૃત્યુ થયા હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. અને સેકડો લોકો ઈજાગ્રસ્ત થયા છે.

ગઈકાલથી જ આજના પવિત્ર અમૃત સ્નાનમાં શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા. એક જ દિવસે કરોડો શ્રદ્ધાળુઓ ગંગાના કિનારે ઉમટી પડયા હતા.

પ્રયાગરાજમાં ૯ કરોડ લોકો ઉપસ્થિત સંયમ જાળવવા મુખ્યમંત્રી યોગીની અપીલ

સંગમ ઘાટ પર એનએસજી કમાન્ડો તૈનાત : વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા પરિસ્થિતિ પર ચાંપતી નજર : મુખ્યમંત્રી યોગી સાથે સતત સંપર્કમાં

પ્રયાગરાજ તા.૨૯

પ્રયાગરાજ ખાતે ગત રાત્રે ૧.૩૦ કલાકે ભાગદોડ મચી જવાને કારણે કરૂણાંતિકા સર્જાઈ ગઈ છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું છે કે, આજે પ્રયાગરાજ ખાતે ૯ કરોડ લોકો ઉપસ્થિત છે. યોગીએ લોકોને સંયમ જાળવવા અપીલ કરી છે.

બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સતત યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે સતત સંપર્કમાં છે અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ભાગદોડ થઈ તે સ્થળે સંગમ ઘાટ પર એનએસજી કમાન્ડો તૈનાત કરવામાં આવ્યા છે.

નાસભાગ પછી વહીવટીતંત્રની વિનંતી પર તમામ ૧૩ અખાડાઓએ આજે વહેલી સવારે મૌની અમાવસ્યાનું અમૃત સ્નાન રદ કર્યું હતું. આ પછી અખાડાઓએ બેઠક યોજી હતી. નક્કી થયું કે તેઓ ૧૦ વાગ્યા પછી અમૃત સ્નાન કરશે. વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ફોન પર મુખ્યમંત્રી યોગી પાસેથી ઘટનાની માહિતી લીધી હતી. હવે અધિકારીઓ હેલિકોપ્ટરથી મહાકુંભ પર નજર રાખી રહ્યા છે.

ગ્રાઉન્ડ ઝીરો પર હાજર પત્રકારોના જણાવ્યા અનુસાર, એક અફવાને કારણે સંગમ પર નાસભાગ મચી ગઈ હતી. કેટલીક મહિલાઓ જમીન પર પડી અને લોકો તેમને કચડીને દોડી ગયા. અકસ્માત બાદ ૭૦થી વધુ એમ્બ્યુલન્સ સંગમ કાંઠે પહોંચી હતી. ઘાયલો અને મૃતકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

અકસ્માત બાદ **NSG** કમાન્ડોએ સંગમ કિનારે ચાર્જ સંભાળ્યો હતો. સંગમ વિસ્તારમાં સામાન્ય લોકોનો પ્રવેશ બંધ હતો. પ્રયાગરાજમાં ભીડ વધુ ન વધે તે માટે, શ્રદ્ધાળુઓને રોકવા માટે પ્રયાગરાજ શહેરની સરહદે આવેલા તમામ જિલ્લાઓમાં અધિકારીઓને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. દરમ્યાન આ લખાઈ રહ્યુ છે ત્યારે પ્રાપ્ત અહેવાલો મુજબ સંગમ ઘાટ ખાતે પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને બપોરે ૧૨ કલાક બાદ સંગમ સ્થળે અખાડાઓનું અમૃત સ્નાન શરૂ થઈ ગયું છે. જયારે મુખ્યમંત્રી યોગીએ ઉપસ્થિત શ્રધ્ધાળુઓને એવી વિનંતી કરી છે કે, તેઓ જ્યાં છે ત્યાં જ જે ઘાટ નજીક હોય ત્યાં જ સ્નાન કરી લે. સંગમ ઘાટ પર ભીડ નહીં કરવા જણાવાયું છે.

બંગલો વેચવાનો છે

4 BHK

૯૬ પંચવટી, ઝાંઝરડા રોડ,
ફુલ ફર્નિચર, ૧૦૨ વાર
(દલાલ આવકાર્ય)
: સંપર્ક :
મો. ૯૮૨૫૫ ૧૭૮૭૬

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં
મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

જૂનાગઢની સ્વાદપ્રિય જનતા માટે
જુનું અને જાણીતું નામ એટલે...

લિજ્જત પાઉંભાજી

- ગુજરાતી થાળી
- સાઉથ ઈન્ડીયન
- પંજાબી
- ચાઈનીઝ

લિજ્જત પાઉંભાજી

જયશ્રી રોડ, મહાસાગર ટ્રાવેલ્સની સામે,
કળવા ચોક, જૂનાગઢ મો. ૯૪૨૭૭ ૩૩૩૪૪

સંપૂર્ણ આયુર્વેદિક સારવાર

પૃથ્વીરાજ હોસ્પિટલ

આયુર્વેદ - પંચકર્મ
ફિઝીયોથેરાપી

- તમામ પ્રકારનાં રોગો
- સાંધાનો દુઃખાવો
- સાયટીકા
- ચેતાતંત્રના રોગો
- માનસિક રોગો
- પક્ષઘાત
- માઈગ્રેન (આધાશીશી)
- અનિંદ્રા

ડો. મહિપતસિંહ ડોડીયા
એમ.ડી. (આયુ.)
જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ,
મધુરમ, જૂનાગઢ. **મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦**
: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ,
તા. માળીયા (હાટીના) **મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮**

Since 1983

શંખ બ્રાન્ડ
મસાલા

ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો

Chilli Powder
TURMERIC POWDER

ક્રિશિવ
હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ.

ડૉ. પિનાંક આર. મેર એમ.ડી. (મેડીસીન)
ડાયાબિટીસ તથા હ્રદયરોગનાં નિષ્ણાંત

ડૉ. પારિતોષ પરમાર એમ.ડી. (એનેસ્થેશિયા)
ક્રિટીકલ કેર નિષ્ણાંત

બી.પી., ડાયાબિટીસ, ઓબેસીટી, કોલેસ્ટ્રોલ, પ્રોટીન્યુરીયા, થાઈરોઈડ

હેલ્થ ચેકઅપ મંથલી કેમ્પ

:: કેમ્પ તારીખ ::
2.2.25, 2.3.25, 6.4.25

ફીઝીશ્યન
દાંતનાં સર્જન
આંખનાં સર્જન

ત્રણ નિષ્ણાંત ડોક્ટરોની તપાસ તથા નીચેના ચેકઅપ

- વજન ચેક
- બી.એમ.આઇ. ચેક
- બ્લડ પ્રેશર ચેક
- FBS - ફાસ્ટીંગ બ્લડ સુગર
- HBA1C - સુગર એવરેજ ૯૦ દિવસ
- આંખનાં પડદાની તપાસ

દર મહિનાના પહેલા રવિવારે સવારે ૮-૦૦ થી ૧૦-૦૦

- TSH - થાઇરોઇડ ટેસ્ટ
- CBC - લોહીના બધા જ કણોની તપાસ
- S. Creatinine - કીડનીની તપાસ
- SGPT - લીવર એન્ઝાઇમ
- લીપીડ પ્રોફાઇલ
- યુરિક એસીડ ટેસ્ટ
- યુરિન સુગર / પ્રોટીન
- ડાયાબિટીક ન્યુરોપથી સ્ક્રીનીંગ

₹ ~~2500/-~~ સુધીના રીપોર્ટ માત્ર ₹ 800/-

નોંધ : ત્રણેય સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા તપાસ રીપોર્ટ આવ્યા બાદ કરી આપવામાં આવશે.

વિવિધ રોગોની ઉપલબ્ધ નિદાન સાથેની સારવાર :

- હૃદયરોગ : હૃદયરોગનો હુમલો (એટેક), હાર્ટ ફેલ્યોર, ધબકારાની વધઘટ, વાલ્વની બિમારી, બ્લડ પ્રેશર (Hi BP / Low BP) ની સારવાર
- ફેફસા : ન્યુમોનીયા (બેકટેરીયલ, વાઇરલ), દમ (અસ્થમા), શ્વાસ, ફેફસામાં પાણી ભરાવું, ટી.બી., ફેફસાનું કેન્સર, સ્વાઈન ફલુ તથા Post Covid 19 Syndrome ની સારવાર.
- ઝેરી દવા(પોઇઝનીંગ) : સર્પદંશ, વીંછી દંશ તથા અન્ય જીવજંતુઓના દંશ અને ઝેરી દવાની અસર વગેરે જેવા મેડીકોલીગલ કેસ (MLC) ના નિષ્ણાંત
- એન્ડોક્રાઇન : ડાયાબિટીસ (મધુપ્રમેહ) તથા તેને લગતા કોમ્પ્લીકેશન, થાઇરોઇડ અને સ્વાદુપિંડની બિમારીની સારવાર.
- મગજ : પક્ષઘાત, આંચકી, ખેંચ, મગજનો તાવ, કોમા (બેભાન અવસ્થા), ચક્કર, માથાનો દુઃખાવાની સારવાર.
- ઇન્ફેક્શન : ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઇફોઇડ, ચિકનગુનીયા, સીઝનલ ફલુ, કોરોના (કોવિડ-૧૯) તથા તેમાં થતાં ગંભીર કોમ્પ્લીકેશનની સારવાર.
- કીડની : કીડની પર સોજો, પેશાબ ઓછો થવો અને પેશાબના ચેપની સારવાર
- લિવર : સાદો કમળો, ઝેરી કમળો, લિવર ફેલ્યોર, સિરહોસીસ ઓફ લીવરની સારવાર.

ક્રિશિવ
હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ.

એપોઇન્ટમેન્ટ : 93288 23775

ઓમ આર્કેડ, છઠ્ઠા માળે, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ



કાળવા ચોકમાં આવેલા જય ગિરનાર ખમણના ગોડાઉનમાં ગેસ સિલીન્ડર ફાટતા આગ લાગી

ફાયરબ્રિગેડની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢમાં કાળવા ચોકમાં આવેલા જય ગિરનાર ખમણના ગોડાઉનમાં આગ લાગતા ભારે દોડધામ મચી જવા પામી હતી. આ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર વિભાગનો કાફલો બનાવના સ્થળે દોડી ગયો હતો અને ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢમાં કાળવા ચોકમાં વિશાલ ટાવર પાછળની સાંકડી શેરીમાં આવેલ જય ગિરનાર ખમણના ગોડાઉનમાં મોડી રાત્રે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા આગ ફાટી નીકળી હતી. સિલિન્ડર બ્લાસ્ટનો અવાજ ૩૦૦ મીટર સુધી સંભળાયો હતો. મોડી રાત્રે દોઢથી પોણા બે વાગ્યાની વચ્ચે ખમણના ગોડાઉનમાં ગેસ સિલિન્ડર ફાટ્યો હતો જેનો અવાજ સાંભળીને લોકો ગરમી બહાર દોડી આવ્યા હતા. પ્રચંડ ધડાકા સાથે ગોડાઉનમાં આગ ફાટી નીકળી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા. સ્થાનિક લોકો દ્વારા ઘટનાની જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના સ્ટાફે સાંકડી શેરીમાં ગોડાઉન આવેલ હોવાથી આગ ઉપર કાબુ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. રહેણાંક વિસ્તારમાં આગની દુર્ઘટનાથી રહીશો ભયભીત થઈ ગયા હતા. દરમ્યાન ચીફ ફાયર ઓફિસર દિપક જાનીએ જણાવ્યું હતું કે, વિશાલ ટાવર પાછળની સાંકડી શેરીમાં આવેલ જય ગિરનાર ખમણના ગોડાઉનમાં સિલિન્ડર બ્લાસ્ટ સાથે આગ લાગી હોવાની જાણ રાત્રિના ૨.૩૩ કલાકે થતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક દોડી ગઈ હતી. ૨૫૦૦ પાણીનો મારો ચલાવી બે કલાકની જહેમતના અંતે આગને કાબુમાં લીધી હતી. આ ઘટનાથી ગોડાઉનમાં રહેલ સામાન ખાખ થઈ ગયો હતો. દરમ્યાન મહિલા પીએસઆઈ વી.એલ. લખધીરે જણાવ્યું હતું કે, શહેરમાં નાઈટ પેટ્રોલિંગ વખતે જય ગિરનાર ખમણના ગોડાઉનમાં સિલિન્ડર બ્લાસ્ટ થતાની સાથે આગ લાગી હોવાની જાણ રાત્રિના દોઢ થી પોણા બે વાગ્યાની વચ્ચે થતા તુરત જ પહોંચ્યા હતા. આસપાસનો વીજ પુરવઠો બંધ કરી ફાયર બ્રિગેડની મદદથી આગ બુજાવવામાં આવી હતી. ઘટના વખતે ખમણના ગોડાઉનમાં ગેસના ૫ થી ૬ જેટલા કોમર્શિયલ સિલિન્ડર હતા. જોકે એક જ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો. ઘટના પાછળનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. ગોડાઉન માલિકે કાર્યવાહી કરવાનો ઈન્કાર કર્યો હતો. તાત્કાલિક કામગીરીથી સદનસીબે કોઈ પ્રકારની જાનહાનિ કે ઈજા થઈ ન હતી.

સરકારી વિનયન કોલેજ, ભેંસાણ ખાતે ગુજરાત સરકારના ઈનોવેશન પ્રકલ્પ હેઠળ તાલીમ વર્ગ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

સરકારી વિનયન કોલેજ, ભેંસાણ ખાતે ગુજરાત સરકારના ઈનોવેશન પ્રકલ્પ હેઠળ તાલીમ વર્ગ યોજાયો. જેમાં રોબોકાર્ટ કંપનીમાંથી પલ્લવી સિંઘ ટ્રેઈનર તરીકે હાજર રહ્યા હતા. તા.૨૦-૧-૨૦૨૫ થી ૨૧-૧-૨૦૨૫ એમ બે દિવસ સુધી કોલેજ ના કુલ ૩૪ વિદ્યાર્થીઓ તાલીમ વર્ગનો લાભ લીધો હતો. વિદ્યાર્થીઓ માં નવચાર કરવાનો અભિગમ કેળવાય અને પછી વિદ્યાર્થીઓએ અભિગમથી સમાજને ઉપયોગી થાય તેવું સર્જન કરી અને એ સર્જનને સ્ટાર્ટ અપમાં રૂપાંતરિત કરી શકે તેવા હેતું સાથે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમના આયોજનમાં કોલેજના આચાર્ય ભરત બાંભણીયાના માર્ગદર્શનમાં ઈનોવેશન કલબના કોઓર્ડીનેટર ડો. પંકજ સોલંકી તથા કોકોર્ડીનેટર ડો. વિશ્વજીત કવા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સંકલન ડો. સચિન પીઠડીયાએ કર્યું હતું અને તાલીમને સફળ બનાવી હતી.

દેવભૂમિ દ્વારકાને મળ્યા વધુ એક ડીવાયએસપી

એસ.સી. એસ.ટી. સેલ વિભાગનો ચાર્જ સંભાળતા વિસ્મયભાઈ માનસેતા

(પ્રતિનિધિ દ્વારા)

દેવભૂમિ દ્વારકા તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ખાલી રહેલી એસ.સી. એસ.ટી. સેલના ડીવાયએસપી ની જગ્યામાં તાજેતરમાં મુકાયેલા વિસ્મયભાઈ માનસેતાએ તેમનો તેમના હોદ્દાનો ચાર્જ વિધિવત રીતે સંભાળ્યો હતો. પોલીસ ટ્રેનિંગ પૂર્ણ કરી અને ડીવાયએસપીનું પ્રોબેશનલ પિરિયડનું પ્રથમ પોસ્ટિંગ ગીર સોમનાથ જિલ્લામાં મેળવ્યા બાદ અહીં નોંધપાત્ર કામગીરી કરીને પ્રથમ પોસ્ટિંગમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુકાયેલા ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતાને પોલીસ સ્ટાફ તથા નગરજનો દ્વારા આવકાર સાંપડ્યો છે. મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના અને હાલ રાજકોટ ખાતે રહેતા નવ નિયુક્ત યુવા ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતાએ મંગળવારે પોતાનો ચાર્જ સંભાળી વિવિધ બાબતો અંગેની જાણકારી મેળવી હતી.

જૂનાગઢ બસ સ્ટેશન નજીક ઈકોમાં પેસેન્જર બેસાડવા બાબતે મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ બસ સ્ટેશન નજીક પેસેન્જર ભરવા અંગે મારામારીની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ બી ડીવીઝન પોલીસ થાણે અસરફભાઈ ઓસ્માણભાઈ રોષે મજીદ હીંગોરા અને સંજર હીંગોરા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ ઈકો ગાડીમાં પેસેન્જર બેસાડવા બાબતે બોલાચાલી કરી ગાળાગાળી કરી ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ જયારે સામાપક્ષે મજીદભાઈ હાજીભાઈ હીંગોરાએ અસરફ રોસ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પેસેન્જર બેસાડવા બાબતે ફરીયાદી તથા સાહેબ સાથે બોલાચાલી કરી ગાળાગાળી કરી ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં દારૂની હેરાફેરી કરતા બે બુટલેગરો ૩૮૪ બોટલ સાથે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે દાતાર રોડ પરથી સરદારના બાવલા પાસે દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને ૩૮૪ બોટલ વિદેશી દારૂ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી. જૂનાગઢ એ-ડિવિઝન પોલીસે દાતાર રોડ પરથી શંકાસ્પદ કારનો પીછો કરી જોષીપરા વિસ્તારના ૩૮ વર્ષીય સતીષ શશીકાંત કયાડા પટેલ અને મધુરમ ટીંબાવાડી વિસ્તારના ૩૫ વર્ષીય વિમલ પંડ્યાને કેપિટલ ટ્રિપલ એક્સ રમની ૧૮૦ ML ની ૩૮૪ બોટલ કિ.રૂા. ૩૮,૪૦૦, નિશાન ટેરેનો કાર અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨,૪૩,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં દારૂનો જથ્થો પૂરો પાડનાર સમીર હાસમ પટણી ઉર્ફે કાલી હજી ફરાર છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમાસ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર એવં મહાકુંભમેળાની ઝાંખી રજુ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૯

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી અમાસ નિમિતે તા.૨૯ જાન્યુઆરી ૨૦૨૫ને બુધવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર ધરાવી દાદાના સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારીસ્વામી દ્વારા કરવામાં આવેલ. કુંભ મેળો હિંદુ ધર્મની અનોખી સંસ્કૃતિમાં સાધુ, સંસ્કૃતિ અને સમાજની ત્રિવેણીને જોડતો પવિત્ર સંગમ છે. દર ૧૨ વર્ષે ચાર સ્થળો પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિકમાં યોજાય છે. મહાકુંભ મેળો ભારતીય ધાર્મિક કાર્યક્રમોનો સૌથી મોટો તહેવાર છે, જે દર ૧૪૪ વર્ષે માત્ર પ્રયાગરાજમાં જ યોજાય છે. ત્યારે આજે અમાસ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાના મંદિરમાં મહાકુંભમેળાની ઝાંખી રજુ કરાઈ છે.દાદાના શણગાર-આરતી-દર્શનનો અમૂલ્ય લ્હાવો હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ.

માણાવદર : પે સેન્ટર શાળા-૨નાં વિદ્યાર્થીઓએ અનુપમ શોપ ફેકટરીની મુલાકાત લીધી

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૯

પે સેન્ટર શાળા-૨ માણાવદરના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ માણાવદર ખાતે આવેલ અનુપમ શોપ ફેકટરીની મુલાકાત લીધી હતી. આશરે ૬૦ વર્ષોથી આ ફેકટરી કાર્યરત છે. ફેકટરીની બાજુમાં અક્ષર પુરૂષોત્તમ ભગવાનનું મંદિર પણ આવેલ છે. ફેકટરીમાં કપડાં ધોવાનો સાબુ, ડિટરજન્ટ, લિકવિડ, શેમ્પુ, ફેસવોશ વગેરે વસ્તુઓનું ઉત્પાદન થાય છે.

વાલી અશોકભાઈએ ખૂબ સરસ રીતે આ પ્રોડક્ટ કઈ રીતે બને છે, તેમાં ક્યા દ્રવ્યો ઉમેરાય છે તેની ઝીણવટભરી સમજ બાળકોને આપી હતી. અશોકભાઈ છેલ્લા ૨૭ વર્ષોથી આ કામગીરી સુપેરે બજાવી રહ્યા છે. વિજ્ઞાન શિક્ષક પરાગ ભલાણીએ બાળકોને વૈજ્ઞાનિક સમજ આપેલ હતી. ફેકટરીની મુલાકાત બાદ મંદિરના શાંત અને ઊર્જાવાન ભાવવરણમાં બાળકોએ આધ્યાત્મિક વાણીનો લાભ લીધો અને દુર્લભ વસ્તુઓના દર્શન કરી પુલકિત થયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય કાઝી દ્વારા કરવામાં આવેલ હતું. આમ અનુપમ શોપ ફેકટરીની મુલાકાત યાદગાર અને અનુપમ રહી હતી.

પ્રજાસત્તાક પર્વ નિમિતે જૂનાગઢ નીચલા દાતાર વિસ્તારમાં વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો : ૩૫૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો

જૂનાગઢ તા.૨૮

તા.૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વ નિમિતે જૂનાગઢ શહેરના નીચલા દાતાર વિસ્તારમાં ફાઈસ્ટાર વેલનેસ ફાઉન્ડેશન તેમજ ગુલામે પંજેતન ગૃપ દ્વારા વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈસ્લામ ધર્મની મહાન હસ્તીઓ હઝરત અલી (ર.અ.) અને હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચીશ્તીના જન્મ દિવસના પ્રસંગે વિનામૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ થી બપોરના ૧.૩૦ કલાક સુધી ચાલેલા આ નિદાન કેમ્પનો ૩૫૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

કેમ્પને સફળ બનાવવા માટે ડો.એમ.એમ. દોલકીયા, ડો.અલ્ફાઝ દોલત, ડો.પારસ રાજ દોલકીયા, ડો.ફાતેમા બુખારી, ડો.આકિબ બુખારી, ડો.આમેરા બ્લોચ અને ડો.મીનાજ અલી એ તેમની અમુલ્ય સેવા આપી હતી. કાર્યક્રમના પ્રારંભે આયોજકો દ્વારા ડોકટરો અને કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ભવિષ્યમાં પણ આવા વધુ કેમ્પ યોજવામાં આવશે તેમ જણાવ્યું હતું. ફાઈસ્ટાર વેલનેસ ફાઉન્ડેશન અને ગુલામે પંજેતન ગૃપ દ્વારા કરવામાં આવેલા આ કેમ્પનું આયોજન ખુબ જ સફળ રહ્યું હતું. નીચલા દાતાર વિસ્તારમાં જરૂરીયાત ગરીબ લોકોની વસ્તી વધુ હોય, બહોળી સંખ્યામાં આ વિસ્તારના લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. આ પ્રકારે કેમ્પના આયોજકો દ્વારા ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રપ્રેમ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેની સરાહના થઈ રહી છે.

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.

માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-

૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી

ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-

મલાઈવાળું દહીં, ઘોરવું

તાજુ પનીર ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ

શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી

(અશોકભાઈ)

આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે,
વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી,
આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

રોયલ ગેસ સ્ટવ

૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ

રોયલ ગેસ સ્ટવ

એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે

માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે,
મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ

મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નંબર

૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦

''સ્વાદનો એવો જાદુ જાવે, વારંવાર મન લલચાવે''

: સુભાષ :

પાણીપુરી

એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે

વિજય ઘી ડીપો

ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

બેકરી શો-રૂમમાં કામ કરી શકે

અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ,
જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે ‘સમાજશાસ્ત્રીય સિધ્ધાંતોની નૂતન ક્ષિતિજો’ અંગે યોજાયોમાર્ગદર્શક કાર્યક્રમ

સમાજમાં આકાર પામતી કોઈ વિશિષ્ટ ઘટનાઓ અંગે સંશોધનને અંતે સિદ્ધાંતોનું થાય છેઘડતર : પ્રો.(ડો.) જયસિંહ ઝાલા

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

જૂનાગઢ, તા.૨૯

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સમાજશાસ્ત્ર ભવન દ્વારા ગુજરાતની ખ્યાતનામ કોલેજ આર.એમ.પ્રજાપતિ આર્ટસ કોલેજ, સતલાસણાનાં પ્રિન્સીપાલ ડૉ. જયેશ બારોટનું સમાજશાસ્ત્રીય સિધ્ધાંતોની નુતન ક્ષિતિજો અંગે યુનિ.નાં કુલપતિ પ્રો.(ડૉ.) અતુલભાઈ બાપોદરાનાં માર્ગદર્શનમાં વ્યાખ્યાન યોજાઈ ગયું. ’સમાજશાસ્ત્રીય સિધ્ધાંતોની નૂતન ક્ષિતિજો’ અંગે ડૉ. જયેશ બારોટે વિધાર્થીઓને મહત્વનું માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે સમાજશાસ્ત્ર એ વ્યક્તિના સામાજિક જીવનનો, સમૂહજીવનની આંતરક્રિયાઓ અને આંતરસંબંધોનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરતું સામાજિક વિજ્ઞાન છે.આધુનિક સમયમાં બદલાતા સામાજિક જીવનને સમાજશાસ્ત્રનાં અભ્યાસુઓએ કેવી રીતે જોવું જોઈએ? સમાજશાસ્ત્રનાં વિદ્યાર્થીઓએ સિધ્ધાંતોની સાથે સાથે સમાજનું વાસ્તવિક દર્શન કેવી રીતે કરવું જોઈએ? અને તેમાં આમૂલ પરિવર્તન આવવા માટેનાં જવાબદાર પરિબળો કયા કયા છે? તે અંગની વિસ્તૃત સમજકેળવવી જોઈએ. સમાજમાં આવતું પરિવર્તન એ નૂતન સામાજશાસ્ત્રીય સિધ્ધાંતોનાં ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેઓએ જણાવ્યું કે સામાજીક સંસ્થાઓ જેવી કે કુટુંબ, રાજ્ય વગેરેનો બહોળા પ્રમાણમાં અભ્યાસ થવો જોઈએ, અને તેમનું સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી વિશ્લેષણ થવુ જોઈએ. સાથે જ તેઓએ ખ્યાતનામ સમાજશાસ્ત્રી ઈમાઈલ દુર્ખીમનાં પધ્ધતિશાસ્ત્ર અંગે પણ વિસ્તૃત ચર્ચા કરી. કાર્યક્રમનાં પ્રારંભે યુનિવર્સીટીનાં સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. જયસિંહ બી. ઝાલાએ અતિથીઓને આવકારી જણાવ્યુ હતુ કે સમાજમાં આકાર પામતી કોઈ વિશિષ્ટ ઘટનાઓ અંગે સંશોધનને અંતે સિદ્ધાંતોનું ઘડતર થાય છે. માનવવર્તની સીમા અતિ વિશાળ હોવાથી સમાજશાસ્ત્રની ઘણી બધી શાખાઓ અસ્તિત્ત્વમાં આવી છે. જેમ કે,ચિકિત્સા સમાજશાસ્ત્ર, શિક્ષણનું સમાજશાસ્ત્ર, ઐતિહાસિક સમાજશાસ્ત્ર, ઔદ્યોગિક સમાજશાસ્ત્ર, રાજકીય સમાજશાસ્ત્ર, સામાજિક મનોવિજ્ઞાન, સામાજિક માનવશાસ્ત્ર, કુટુંબનું સમાજશાસ્ત્ર, ગ્રામીણ સમાજશાસ્ત્ર, નગર સમાજશાસ્ત્ર, કલાનું સમાજશાસ્ત્ર, જ્ઞાનનું સમાજશાસ્ત્ર, સાહિત્યનું સમાજશાસ્ત્ર, ધર્મનું સમાજશાસ્ત્ર, સામાજિક દર્શનશાસ્ત્ર, કાનૂન (કાયદા)નું સમાજશાસ્ત્ર, રમતગમતનું સમાજશાસ્ત્ર વિગેરે. તેઓનાં મત મુજબ આજે સમાજશાસ્ત્રમાં સિધ્ધાંતોનું ઘડતર પ્રસ્તુત સમાજશાસ્ત્રીય શાખાઓમાં થઈ રહ્યું છે ત્યારે વિધાર્થીઓએ પોતાની રસ અને રૂચી તેમાં વિકસાવવી જોઈએ. કાર્યક્રમનાં સંચાલક ડો. પરાગ દેવાણીએ જણાવ્યુ હતુ કે,પ્રાચીનકાળથી માનવીમાં પોતાની આસપાસની દુનિયા વિશે જાણવાની જિજ્ઞાસા રહેલી છે. આ જગતમાં તેનું શું સ્થાન છે? તથા આ જગત સાથે તેને શું સંબંધ છે? એ જાણવા માટે પણ તે ઉત્સુક હોય છે. માનવીનું વિશ્વ માત્ર ભૌતિક પર્યાવરણ જ નથી પરંતુ પ્રતિકાત્મક દષ્ટિએ રચાયેલી અર્થબોધની રચના પણ છે. કાર્યક્રમનાં અંતે આભાર દર્શન કરતા ડો. ઋષિરાજ ઉપાધ્યાએ જણાવ્યુ હતુ કે, આ માર્ગદર્શક કાર્યક્રમ થકીડૉ. જયેશ બારોટ પાસેથી યુનિ. અનુસ્નાતક ભવનમાં અભ્યાસ કરતા છાત્રો સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો તથા તેની અધ્યયન પદ્ધત્તિઓને સમજી શક્યા છે. સાથે જ વિધાર્થીઓના સૈધ્ધાંતિક જ્ઞાનમાં વધારો થયો છે. અંતે વિદ્યાર્થીઓની ‘સમાજશાસ્ત્રીય સિધ્ધાંતોની નૂતન ક્ષિતિજો’ વિષય અંતર્ગત કાર્યક્રમમાં વિધાર્થીઓએ વિષય તજજ્ઞ સાથે પ્રશ્નોત્તરી કરી જ્ઞાનવર્ધન કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા ડો.મહેશ બારિયા તેમજશોધ સ્કોલર્સ વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

જૂનાગઢના ઐતિહાસિક ધરોહર ખાતે મધુર સોશિયલ ગ્રુપ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢની અગ્રણી સામાજિક સંસ્થા મધુરસોશિયલ ગ્રુપ દ્વારા પરંપરાગત રીતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની વિશેષ ઉજવણીના ભાગરૂપે શહેરના ઐતિહાસિક સ્થાને વરિષ્ઠ નાગરિકો અને કાયદાના ઉપાસક સંવિધાનના પ્રહરી ધારાશાસ્ત્રીઓ દ્વારા તિરંગો લહેરાવી પ્રજાસત્તાકની ઉજવણી કરવામાં આવી હતી.

મધુર સોસિયલ ગ્રુપ માનવસેવા, રકતદાન કેમ્પ, સર્વ રોગ નિદાન કેમ્પ, ગરીબ જરૂરિયાત મંદોને રાશન કીટનું વિતરણ, ભૂકંપ પૂર હોનારત અને વૈશ્વિક આપત્તિની કટોકટી ભરી સ્થિતિમાં માનવ સહાય માટે હંમેશા અગ્રેસર રહે છે. સમાજસેવાની સાથે સાથે સામાજિક એકતા અને રાષ્ટ્રભાવ ઉજાગર કરવા માટે પણ મધુર સોશિયલ ગ્રુપ દર રાષ્ટ્રીય પર્વની વિશિષ્ટ ઉજવણી માટે જાણીતી છે, ધ્વજવંદન ના કાર્યક્રમમાં સમાજના દરેક વર્ગને વિશિષ્ટ મહત્વ પ્રદાન કરી સફાઈ કામદારથી લઈ અધિકારીઓ વિશેષ નાગરિકો સ્વતંત્ર સેનાની શિક્ષકો મહિલા રત્નો દ્વારા ઐતિહાસિક સ્થળો ધર્મ સ્થળો મસ્જિદ મકબરથી લઈ વન વિસ્તારમાં તિરંગો લહેરાવવાની મધુરની ભાવનાએ રાષ્ટ્રપ્રેમને એક આગવી ઓળખ આપી છે. આ વર્ષે પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઐતિહાસિક સ્થાને કરવામાં આવી હતી જેમાં ધારા શાસ્ત્રી એ તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ કાર્યક્રમમાં મધુરસોશિયલ ગ્રુપના પ્રમુખ સલીમભાઈ ગુજરાતી, અમીષ ગોસાઈ, સબિહાબેન ગુજરાતી, રેહનુમા સોરઠિયા, ઈમરાન સોરઠિયા અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદને અંગદાન માટે પ્રેરિત કરવાના ઉદ્દેશ સાથે કે.ડી. અમદાવાદ મેરેથોન ૨૦૨૫નું ટી-શર્ટ થયું લોન્ચ

#DonateOrgansSaveLives

અમદાવાદ, તા.૨૯

કે.ડી. અમદાવાદ મેરેથોન ૨૦૨૫ના ત્રીજા એડિશનના કાઉન્ટડાઉનની શરૂઆત તા.૨ ફેબ્રુઆરી ૨૦૨૫, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ એક્સકલૂઝિવ ટી-શર્ટના અનાવરણ સાથે આયોજન થઈ રહ્યું છે. સહાયક પોલીસ કમિશ્નર એચ. એમ. કન્સાગરા દ્વારા ટી-શર્ટ લોન્ચકરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રેસ ડિરેક્ટર રાહુલ શર્મા, રેસ મેડિકલ ડિરેક્ટર ડો.ગરીમા સાવલિયા અને એચ.પી.બી. અને લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. દિવાકર જૈન ઉપસ્થિત રહ્યા હતા. કે.ડી. અમદાવાદ મેરેથોન **SheRACES** અને **AIMS** પ્રમાણિત છે, જે આયોજન અને ભાગીદારીના શ્રેષ્ઠ માનદંડોને સુનિશ્ચિત કરે છે. કે.ડી. અમદાવાદ મેરેથોન - **"Donate Organs, Save Lives"** - કે.ડી. હોસ્પિટલની એક સામાજિક પહેલ છે. આ મેરેથોન માત્ર એક દોડ નથી, પરંતુ અંગદાન જાગૃતિ ફેલાવીને અને દેશમાં અંગદાન કરનારાની સંખ્યા વધારીને સમાજમાં પરિવર્તન લાવવાનું એક સાહસ છે. ભારતમાં ૩ લાખથી વધુ દર્દીઓ જીવનરક્ષક અંગપ્રત્યારોપણ માટે રાહ જોઈ રહ્યા છે, તેવા સમયે આ મેરાથોનનું મુખ્ય લક્ષ્ય લોકોને અંગદાન માટે પ્રોત્સાહિત કરીને આ દર્દીઓના જીવન બચાવવાનું છે.

વડીલોના જીવનમાં સૂરના રંગો : ભાવનગરના વૃદ્ધ આશ્રમમાં સંગીતનો વિશેષ કાર્યક્ર્મ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર, તા.૨૯

ભાવનગરના વૃદ્ધાશ્રમ ખાતે૨૬ જાન્યુઆરીએ વડીલો માટે એક વિશેષ સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું મુખ્ય ઉદ્દેશ્ય વડીલોને નવી ઉર્જા,મનની શાંતિ અને તાજગીનો અનુભવ કરાવવાનો હતો.ભાવનગરના જાણીતા કલાગુરુ શ્રીમતી દક્ષાબેન મહેતાના આશીર્વાદથીયુવા સંગીતકાર ધ્રુવ પંડ્યા અને તેમની ટીમ ‘સ્વરાગ સિમ્ફની’ દ્વારા શાસ્ત્રીય સંગીત, ભજન, પ્રાર્થનાઓ અને ફિલ્મી ગીતોની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી. વડીલો માટે આ અનોખી સંગીતયાત્રા યુવા સંગીતકાર ધ્રુવ પંડ્યાના ઉદાર સંકલ્પનો ભાગ છે, જેમાં તેઓ ગુજરાતના ૧૦૦થી વધુ વૃદ્ધાશ્રમોમાં મફત સંગીત પ્રસ્તુત કરી વડીલોના જીવનમાં રંગ ભરી રહ્યા છે. અત્યાર સુધીમાં તેમણે ૬ વૃદ્ધાશ્રમોમાં સફળ કાર્યક્રમો યોજાયા છે. આ પ્રસંગે ભાવનગરવૃદ્ધ આશ્રમના પ્રમુખ આદરણીયની લાબેન ઓઝા અને ટ્રસ્ટી અચ્યુતભાઈ મહેતાની વિશેષ ઉપસ્થિતિ પણ કાર્યકર્મમાં ઉત્સાહમાં વધારી દીધો હતો આ કાર્યક્રમ રોબર્ટ ફર્નાન્ડીઝના માર્ગદર્શન હેઠળ અને કાર્યક્રમને સફળ બનાવવા માટે ગીરીશભાઈ પંડ્યા, લતાબેન સોનપાલ અને રસિકભાઈ બારૈયા દ્વારા જેહમત ઉઠાવવામાં આવી હતી. સ્વરાગ સિમ્ફની દ્વારા સંગીતના વિવિધ તાલ અને મધુરસુર સાથે વડીલોને ધબકતું જીવન માણવાનો મોકો મળ્યો. વડીલોગીત અને સંગીતના મધુર નાદમાં મગ્ન થઈને આનંદથી નાચવા લાગ્યા. આ કાર્યક્રમે યુવા પેઢી માટે પણ એક પ્રેરણાસ્રોત બની છે કે, કેવી રીતે તેઓ પોતાની ક્ષમતા અને સંસ્કૃતિના માધ્યમથી વડીલોને પ્રેમ અને સન્માન આપી શકે છે. ધ્રુવ પંડ્યાની આ પહેલ રાજયના દરેક વૃદ્ધાશ્રમ સુધી પહોંચે અનેસાથેયુવા પેઢીને વડીલોના જીવન મૂલ્યો પ્રત્યે સન્માન અને સેવાના સંસ્કાર સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

જેસીઆઈ જૂનાગઢ દ્વારા પીએમ શ્રી કન્યા વિદ્યાલય નં. ૪ ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી ઉલ્લાસભેર યોજાઈ

PM SHRI KANYA SHALA NO.4

જૂનાગઢ, તા.૨૯ : પીએમ શ્રી કન્યા વિદ્યાલય નં.૪ ખાતે જેસીઆઈ જૂનાગઢ દ્વારા કાર્યક્રમમના મુખ્ય અતિથિ **JCI** પ્રમુખ ડો.મોહિત જોશી, સાથે સ્કૂલની ભૂતપૂર્વ વિદ્યાર્થીની દ્વારા રાષ્ટ્ર ધ્વજ ફરકાવી, સલામી આપી રાષ્ટ્રગીતનું સમૂહગાન કરી ઉજવવામાં આવેલ. ડાયરેક્ટર કિશોર ચોટાલીયા દ્વારા પ્રેરક ઉતબોધન સાથે શાળાની પ્રવૃત્તિઓને પણ બિરદાવેલ. ગત ૨૬ જાન્યુઆરીના રોજ જે દીકરીઓના જન્મ થયેલ એમને માતાઓની સાથે બોલાવી સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવેલ હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવેલ હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં જેસીઆઈનાં સભ્યો ચેતન સાવલિયા, રાજેશ પુરોહિત, ચિરાગ કડેચા, વિજય ચાવડા, ગૌતમ તેમજ મહિલા ભાવિશા દેકીવાડીયા, સંગીતા સાવલિયા, બીના પુરોહિત વગેરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી બિરદાવેલ હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં શાળાના પ્રિન્સિપાલ અલતાફ વિરાણી અને તેમના સ્ટાફ દ્વારા આવેલા મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સન્માનિત કરવામાં આવેલા હતા. શાળાના સ્ટાફ દ્વારા સખત જાહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમના અંતે જેસીઆઈ જૂનાગઢ દ્વારા વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવેલો હતો.

કુંભમેળો એ ભારતનું ‘આધ્યાત્મિક બુનિયાદી માળખુ’ : ગૌતમ અદાણી

સાચું નેતૃત્વ આદેશ આપવામાં નહીં, પણ સૌને સાથે લઈનેચાલવામાં

અમદાવાદ, તા.૨૯

‘જ્યારે ૨૦ કરોડ લોકો સમર્પણ અને સેવાની ભાવના સાથે ભેગા થાય છે, ત્યારે તે માત્ર એક ઘટના નથી પરંતુ આત્માઓનો એક અનોખો સંગમ છે.’ હું તેને ‘આધ્યાત્મિક અર્થતંત્રનો સ્કેલ’ કહું છું. તે જેટલું મોટું થાય, તેટલું વધુ કાર્યક્ષમ બને છે.માત્ર ભૌતિક અર્થમાં જ નહીં પરંતુ માનવ અને માનવતાવાદી અર્થમાં પણ. આ શબ્દો છે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીના જે તેમણે મહાકુંભ મેળાની ભવ્યતા અને આધ્યાત્મિકતા વિશે એક બ્લોગમાં આ લખ્યું છે.

કુંભ મેળો અતુલ્ય

ગૌતમ અદાણી તાજેતરમાં મહાકુંભની મુલાકાતે ગયા હતા. **'Spiritual Infrastructure: How The Kumbh Inspires India's Leadership Story'** શીર્ષક ધરાવતા બ્લોગમાં તેમણે કુંભને દેશની નેતૃત્વની ગાથા સાથે જોડ્યો છે. તેઓ કહે છે કે કુંભનો વિશાળ મેળો એક ’આધ્યાત્મિક બુનિયાદી માળખુ’ છે.

ગૌતમ અદાણી તેમના બ્લોગમાં લખે છે કે ’માનવ ટોળાના વિશાળ પરિદ્રશ્યમાંકુંભ મેળાની તુલના કોઈ પણ વસ્તુ સાથે કરી શકાય નહીં. એક કંપની તરીકેઅમે આ વર્ષે મેળામાં ખૂબ જ વ્યસ્ત હતા - અને, જ્યારે પણ હું આ વિષય પર ચર્ચા કરું છું ત્યારે હું આપણા પૂર્વજો પ્રત્યે કૃતજ્ઞતાથી ભરાઈ જાઉં છું. ભારતભરમાં બંદરો, એરપોર્ટ અને ઉર્જા નેટવર્ક બનાવનાર વ્યક્તિ તરીકેહું જેને "આધ્યાત્મિક માળખુ" કહું છું તેના આ અદભુત પ્રદર્શનથી આશ્ચર્યચકિત થઈ જાઉં છું. તે એક એવી શક્તિ છે જેણે આપણી સભ્યતાને હજારો વર્ષોથી ટકાવી રાખી છે.

વિશ્વનો સૌથી મોટો કેસ સ્ટડી

ગૌતમ અદાણી તેમના બ્લોગમાં લખે છે કે ‘જ્યારે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલે કુંભ મેળાની વ્યવસ્થાનો અભ્યાસ કર્યો, ત્યારે તેઓ તેની ભવ્યતા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા.’ પરંતુ, એક ભારતીય તરીકે, હું કંઈક વધુ ઊંડું વિચારૂ છું: વિશ્વનું સૌથી સફળ પોપ-અપ મેગાસિટી ફક્ત સંખ્યા જ નથી - તેમાં શાશ્વત સિદ્ધાંતો પણ છે જે અમે અદાણી ગ્રુપમાં અનુસરવાનો પ્રયાસ કરીએ છીએ. વિચાર કરો કે, દર ૧૨ વર્ષે, પવિત્ર નદીઓના કિનારે ન્યૂયોર્ક કરતાં મોટું એક કામચલાઉ શહેર બનાવવામાં આવે છે. કોઈ બોર્ડ મીટિંગ્સ નથી, કોઈ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન નથી, કોઈ સાહસ મૂડી નહીં, ફક્ત શુદ્ધ, ભારતીય વ્યવસ્થા, જે સદીઓના શિક્ષણમાંથી પ્રાપ્ત થાય છે.

ગૌતમ અદાણીએ કુંભ નેતૃત્વના ત્રણ અવિનાશી સ્તંભોનું વર્ણન કર્યું છે

૧. સ્કેલ ફક્ત વિશાળતાનોજ નથી

કુંભમાંસ્કેલ ફક્ત વિશાળતાનો જ નથી, તે અસર વિશે પણ છે. જ્યારે ૨૦ કરોડ લોકો સમર્પણ અને સેવાની ભાવનાથી ભેગા થાય છે, ત્યારે તે માત્ર એક ઘટના નથી પરંતુ આત્માઓનો અનોખો સંગમ છે. તેને હું "આધ્યાત્મિક અર્થતંત્રનું કદ" કહું છું. ફક્ત ભૌતિક દ્રષ્ટિએ જ નહીં પરંતુ માનવીય અને માનવતાવાદી દ્રષ્ટિએ પણ તે જેટલું મોટું થાય છે, તેટલું વધુ કાર્યક્ષમ બને છે.

૨. ટકાઉપણાકરતા ટકાઉ સારુ હતું

બોર્ડરૂમમાં ઈજીજ ચર્ચાનો વિષય બન્યો તે પહેલાંકુંભમેળામાં પરિપત્ર અર્થતંત્રના સિદ્ધાંતોનો અમલ થતો હતો. નદી ફક્ત પાણીનો સ્ત્રોત નથી, તે જીવનનો પ્રવાહ છે. તેને સાચવવું એ આપણા પ્રાચીન જ્ઞાનનો પુરાવો છે. એ નદી જે લાખો લોકોને આવકારે છે, તે કુંભ પછી તેની કુદરતી સ્થિતિમાં પાછી આવે છે, લાખો ભક્તોને શુદ્ધ કરે છે અને ખાતરી આપે છે કે બધી અશુદ્ધિઓથી પોતાને શુદ્ધ કરી શકે છે. પ્રગતિ એ નથી કે આપણે પૃથ્વી પાસેથી શું લઈએ છીએ, પરંતુ આપણે તેને કેવી રીતે પાછું આપીએ છીએ તેમાં છે.

૩. નેતૃત્વ એટલે માત્ર આદેશ આપવા જ નહીં

ગૌતમ અદાણી લખે છે કે સૌથી શક્તિશાળી પાસું કયું છે? સાચું નેતૃત્વ આદેશ આપવામાં નહીં પણ બધાને સાથે લઈ ચાલવાની ક્ષમતામાં રહેલું છે. અનેક અખાડાઓ, અધિકારીઓ અને સ્વયંસેવકો સુમેળમાં કામ કરે છે. આ સેવા દ્વારા નેતૃત્વ છે, પ્રભુત્વ નહીં. તે આપણને શીખવે છે કે મહાન નેતાઓ આદેશ કે નિયંત્રણ કરતા નથી,પણ તેઓ બીજાઓ માટે મળીને કામ કરવા અને સામૂહિક રીતે આગળ વધવા માટે પરિસ્થિતિઓ બનાવે છે. સેવા એ સાધના છે, સેવા એ પ્રાર્થના છે અને સેવા એ જ ભગવાન છે.

ગૌતમ અદાણી સમજાવે છે કે કુંભ વૈશ્વિક વ્યાપાર વિશે શું શીખવે છે. તેઓ બ્લોગમાં લખે છે કે ભારત ૧૦ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાનું લક્ષ્ય ધરાવે છે, કુંભ મેળો આ બાબતમાં એક સમજ આપે છે. આ મેળો સાધુઓથી લઈને સીઈઓ સુધી, ગ્રામજનોથી લઈને વિદેશી પ્રવાસીઓ સુધી, બધાનું સ્વાગત કરે છે. તે અદાણીનાધ્યેય વાક્ય "સારપ સાથે વૃદ્ધિ" નું ઉત્તમ ઉદાહરણ છે. ગૌતમ અદાણી લખે છે કે જ્યારે આપણે ડિજિટલ નવીનતા પર ગર્વ અનુભવીએ છીએ, ત્યારે કુંભ આધ્યાત્મિક ટેકનોલોજીનું પ્રદર્શન કરે છે.

જ્યારે હું આપણા બંદરો અથવા સૌર કંપનીઓ પાસેથી પસાર થાઉં છું ત્યારે હું ઘણીવાર કુંભના પાઠ પર ચિંતન કરૂ છું. આપણી પ્રાચીન સંસ્કૃતિએ ફક્ત સ્મારકો જ બનાવ્યા નથી - તેણે લાખો લોકોને ટેકો આપતી જીવન પ્રણાલીઓનું નિર્માણ કર્યું છે. આધુનિક ભારતમાં આપણે એ જ અપેક્ષા રાખવી જોઈએ, ફક્ત માળખાગત સુવિધાઓનું નિર્માણ જ નહીં પરંતુ ઈકોસિસ્ટમનું પણ સંવર્ધન કરવું જોઈએ.

કુંભ મેળો અને આધુનિક નેતૃત્વ

ગૌતમ અદાણી કહે છે કે આધુનિક નેતાઓ માટેકુંભ એક ગહન પ્રશ્ન ઉભા કરે છે: શું આપણે એવા સંગઠનોનું નિર્માણ કરી શકીએ છીએ જે માત્ર વર્ષો સુધી જ નહીં, પણ સદીઓ સુધી ટકી રહે? શું આપણી સિસ્ટમો ફક્ત સ્કેલ જ નહીં, પણ આત્માને પણ સંભાળી શકે છે? કૃત્રિમ બુદ્ધિ, આબોહવા સંકટ અને સામાજિક વિભાજનના યુગમાં, કુંભના પાઠ પહેલા કરતાં વધુ સુસંગત છે. જેમ જેમ ભારત વૈશ્વિક મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેમ આપણે યાદ રાખવું જોઈએ કે આપણી તાકાત ફક્ત આપણે શું બનાવીએ છીએ તેમાં જ નથી, પણ આપણે શું સાચવીએ છીએ તેમાં પણ રહેલી છે. કુંભ માત્ર એક ધાર્મિક પ્રસંગ જ નથી, તે ટકાઉ સભ્યતા માટેની એક બ્લુપ્રિન્ટ છે. તે મને યાદ અપાવે છે કે વાસ્તવિક માપદંડ બેલેન્સશીટમાં નહીં પરંતુ માનવ ચેતના પર સકારાત્મક અસરમાં માપવામાં આવે છે. કુંભમાંઆપણે ભારતની નરમ શક્તિનો સાર જોઈએ છીએ. એક એવી શકિત જે વિજયમાં નહીં પરંતુ ચેતનામાં, પ્રભુત્વમાં નહીં પરંતુ સેવાના મૂળ ધરાવે છે. ભારતની ખરી તાકાત તેના આત્મામાં રહેલી છે, જ્યાં વિકાસ ફક્ત આર્થિક તાકાત નથી પરંતુ માનવ ચેતના અને સેવાનો સંગમ છે. કુંભ આપણને શીખવે છે કે સાચો વારસો બાંધવામાં આવેલા માળખામાં નથીપરંતુ આપણે જે ચેતના બનાવીએ છીએ તેમાં રહેલો છે જે સદીઓ સુધી ખીલે છે. હવે જ્યારે તમે ભારતની વિકાસગાથા વિશે સાંભળો, ત્યારે યાદ રાખજો કે આપણો સૌથી સફળ પ્રોજેક્ટ કોઈ વિશાળ બંદર કે નવીનીકરણીય ઉર્જા પાર્ક નથી, તે એક આધ્યાત્મિક મેળાવડો છે જે સદીઓથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

સંપતિનું સર્જન કરનાર ઉદ્યમીઓને મળવું જોઇએ સન્માન

આપણા રાજનીતિક વર્ગથી જોડાયેલ કેટલાક લોકો સંપતિનું સર્જન કરનાર ઉદ્યમીઓને ખલનાયક ચિતરવાની વર્તણૂંક કરી રહ્યા છે. આવું વલણ ભારતની પ્રગતિમાં બાધક છે.

જરા વિચારો કે જે નોકરી થકી તમારું રસોડું ચાલે છે, આપના બાળકોને શિક્ષણ માટે ફી ભરવામાં મદદ મળી રહી છે તો શું તમે તે વેતનના ઋણી નથી. જો તમે શંકાની દૃષ્ટિએ વિચારશો તો કહેશો કે આ નોકરી મારી કાબેલિયતના કારણે મળી છે. પરંતુ તમારામાં સારી કાબેલિયત હોવા છતાં સંપતિનું સર્જન કરનારન હોત તો તમારી નોકરી પણ ન હોત. જો સરકારે ભારતીય રેલવેમાં નાણાંનું રોકાણ ન કર્યુ હોત તો અનેક લોકોને નોકરી ન મળત, તેમના બાળકોને સારું શિક્ષણ ન અપાવી શકયા હોત. એક ઉદ્યોગપતિ દ્વારા પોતાના વ્યવસાય માટે લગાવેલ નાણાંકીય રોકાણ થકી નોકરીઓ પેદા થાય છે.

નોકરીયાતને દર મહિને વેતન મળે છે, પરંતુ તે અંગે કયારેય તેઓએ વિચાર્યું છે કે, જેમના કારણે આ વેતન સંભવ થઈ શકયું છે તે ઉદ્યમી કેવા જોખમોનો સામનો કરી રહ્યા છે. ઉદ્યમી પોતાના વ્યવસાયમાં કરોડો રુપિયાનું રોકાણ કરે છે. તેઓને અસફળતા, પ્રતિસ્પર્ધા, સરકારી અડચણો અને બજારની અનિશ્ચિતતાઓનો સામનો કરવો પડે છે. વેતન મેળવનાર કર્મચારીઓના સુનિશ્ચિત વેતનથી વિપરીત કોઈપણ ઉદ્યમીને ફકત ત્યારે જ ધનની પ્રાપ્તિ થાય છે જયારે તેઓ વ્યવસાય સફળ થાય છે, અને તે પણ અનેક વર્ષોની મહેનત અને તણાવભરી સ્થિતિ બાદ.

સંભવ છે કે બીજી કે ત્રીજી પેઢીના ઉદ્યોગપતિને અગાઉના જેવું જોખમ ઉઠાવવું પડતું નથી કે સંઘર્ષ કરવો પડતો નથી. પરંતુ તેઓના પૂર્વજોએ અચૂક જોખમ ઉઠાવીને, સંઘર્ષ વેઠીને વ્યવસાયને જીવંત રાખ્યો. આપણામાંથી મોટાભાગના લોકો આ પ્રકારનું જોખમ લેવાની હિંમત ધરાવતા નથી. વ્યવસાયમાં જોખમ લેનારા સાહસિક લોકોને ખલનાયક ચીતરવા એ ભારતના આર્થિક ભવિષ્ય માટે નિતાંત અદૂરદર્શી છે. તેઓના વગર ન તો આર્થિક વિકાસ થશે અને ન તો રોજગાર ઉભા થશે.

સંપતિનું સર્જન કરનારાઓને શંકાભરી દૃષ્ટિથી જોવાના દૂરાગ્રહની જડ વાસ્તવમાં નહેરુવાદી સમાજવાદ સાથે જોડાયેલી છે.સમાજવાદ અને સામ્યવાદ જેવી અવધારણા તો વિદેશી છે. ભારતનું પ્રાચીન આર્થિક દર્શન તો સંપતિ સર્જનને સમાજ માટે અત્યંત લાભકારી માને છે. ભારતીય પરંપરા તો શુભલાભમાં વિશ્વાસ રાખનારી રહી છે. આ વિચાર ભારતીય સંસ્કૃતિના એ ઊંડા ચિંતનને દર્શાવે છે કે, નૈતિક રીતે સંપતિનું સર્જન કરવું એ તમામ માટે લાભદાયક છે. ભારતીય દર્શનમાં ધર્મ, કામ અને મોક્ષના અતિરિકત અર્થને ચાર પુરુષાર્થોમાંથી એક માનવામાં આવ્યો છે. દુનિયાના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં શ્રી સૂકતં નામનો સ્ત્રોત છે. જે ધનની દેવી લ-મીને સમર્પિત છે. આ સ્ત્રોત સંપતિને એક આશિર્વાદ માને છે, જે પરિવારો, સમુદાયો અને રાષ્ટ્રોનું પોષણ કરે છે. નૈતિક રુપથી સંપતિનું સર્જન ભારતીય પરંપરાનું મૂળ છે અને તે સામૂહિક ભલાઈનું માધ્યમ છે. અર્થશાસ્ત્રમાં ચાણકયે બજાર અને વ્યાપારની ભૂમિકા પર ભાર મૂકયો છે, જે સમૃદ્ધિ લાવવામાં મદદગાર હોય છે. પ્રાચીન શહેર પોતાના સમૃદ્ધ બજારોના કારણે વધુને વધુ વિસ્તરતા હતા. જયાં પ્રબુદ્ધ શાસક એ સમજતા હતા કે સંપતિનું સર્જન તમામ માટે

ફાયદાકારક છે.

સંપતિ સર્જનના અઢળક મહત્વ હોવા છતાંયે દેશના કેટલાક નેતા તેના રસ્તામાં કાંટા બિછાવવાનું કાર્ય કરે છે. તેમનું કહેવું છે કે, કંપનીઓ પર વ્યકિતઓની તુલનામાં વધુ ટેકસ લાદવો જોઈએ. પરંતુ શું આપણે સમજીએ છીએ કે કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલ સંપતિ આખરે કયાં જાય છે? તેનાથી શેર હોલ્ડરોને લાભ, લેણદારોને વ્યાજ, આપૂર્તિકર્તાઓને સેવાઓ અને કર્મચારીઓને વેતન તેમજ સરકારને ટેકસ મળે છે. પ્રમોટર પણ પોતાના લાભ અને મૂડી લાભથી ઉત્પાદન અને સેવાઓ ખરીદે છે. જેના થકી રોજગારી ઉત્પન્ન થાય છે. મતલબ કે બધું મળીને કંપનીઓ દ્વારા બનાવેલ સંપતિ શેર હોલ્ડર, લેણદારો, કર્મચારીઓ અને નાગરિકોના માધ્યમથી સમાજ અને આર્થિક તંત્રમાં જ પરત જાય છે. આપણે એ સમજવું જોઈએ કે વૈશ્વિક પ્રતિસ્પર્ધાના દૌરમાં જો કંપનીઓ પર વધુ ટેકસ લગાવવામાં આવશે તો તે કંપનીઓ જયાં ઓછો ટેકસ છે તે દેશમાં ચાલી જશે. તેનાથી ભાજપને રોજગારી અને સંપતિ સર્જનમાં મળનાર ફાયદા નહીં મળી શકે. આથી કંપનીઓ પર ભારે ટેકસ લગાવવાની માંગ આર્થિક સમૃદ્ધિના સ્ત્રોતને ન સમજી શકવાનું કારણ છે. એક સ્વસ્થ વ્યવસાયિક માહોલ ભારે કોર્પોરેટ ટેકસની તુલનામાં સમાજને રોજગાર અને ટેકસના રુપમાં અનેકગણું યોગદાન આપે છે.ભારતની પ્રગતિમાં સંપતિનું સર્જન કરનારાઓના અહમ યોગદાનને ઓળખવું જોઈએ અને તેમનું સમ્માન કરવું જોઈએ. સામ્યવાદ અને સમાજવાદ જેવી બહારની વિચારધારાઓને ઠુકરાવીને ભારતીય સાંસ્કૃતિક વિચારધારાને અપનાવીએ. આપણા સૌ માટે એક ઉજજવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે આ આવશ્યક છે. આજના ભારતમાં સંપતિનું સર્જન કરનારા માત્ર વ્યવસાય જ કરી રહ્યા નથી પરંતુ તેઓ વિકસિત ભારતની ઈંટ મૂકી રહ્યા છે.

ગુજરાતી સિનેમાના સૌથી મોટા ફિલ્મ નિર્માણમાંના એક "કસુમ્બો" ના નિર્માતાઓ સાથે ઈન્ટરેક્ટિવ સત્ર

GCCI
Gujarat Chamber of Commerce & Industry
Welcomes you to an interactive session with the makers of
કસુંબો
Moderated by
Esteemed Panelists
Abhishek Jain
Film Director
Vijaygiri Bava
Film Director

(મહંમદ રફીક શેખ દ્વારા)

GCCI ફિલ્મ એન્ડ એન્ટરટેઈનમેન્ટ ટાસ્કફોર્સે, ઈવેન્ટ્સ અને એક્ઝિબિશન ટાસ્કફોર્સ તેમજ ડિજિટલ માર્કેટિંગ-મીડિયા અને બુલેટિન કમિટીના સંયુકત ઉપક્રમે તારીખ ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ **GCC** પરિસરમાં ગુજરાતી સિનેમાના સૌથી પ્રખ્યાત નિર્માણમાંના એક તેવા કસુંબોના નિર્માતાઓ સાથે એક ઈન્ટરેક્ટિવ સત્રનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. **GCCI** ના પ્રમુખ શ્રી સંદીપ એન્જિનિયરે ગુજરાતી સિનેમાની વધતી જતી પ્રસિદ્ધિ અને વૈશ્વિક માન્યતા પર પ્રકાશ પાડતા, બધા ઉપસ્થિત મહેમાનો તેમજ સહભાગીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે ગુજરાતી ફિલ્મ કસુમ્બોના સર્જકોને એક અર્થપૂર્ણ વાર્તા વ્યકત કરતી આવી સુંદર ફિલ્મ બનાવવા પરત્વે પ્રશંસા કરી હતી. તેઓએ ગુજરાતી સિનેમાની પહોંચને વિસ્તૃત કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ફિલ્મ ઉદ્યોગમાં અસરકારક બ્રાન્ડિંગની મુખ્ય ભૂમિકા પર પણ ભાર મૂક્યો હતો. તેઓએ હિસ્સેદારોને ગુજરાતી સિનેમાની પ્રોફાઈલને વધુ સુદ્રઢ બનાવવા માટે નવી તકો શોધવા અને તે અંગે સક્રિય પગલાં લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

ફિલ્મ અને મનોરંજન ટાસ્ક ફોર્સ ના અધ્યક્ષ શ્રી આસિત શાહે તેઓના સંબોધનમાં રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે ગુજરાતી સિનેમાની નોંધપાત્ર સંભાવના અને વધતી જતી માન્યતા પર ભાર મૂક્યો હતો. તેઓએ કસુંબો ફિલ્મની ઉત્કૃષ્ટ વાર્તા કહેવાની કલાત્મક શ્રેષ્ઠતા, ઊંડાણ અને સંવેદનશીલતા સાથે મહત્વપૂર્ણ વિષયને સંબોધતી તેની ક્ષમતાની પ્રશંસા કરી હતી. તેઓએ ખાસ કરીને ગુજરાતી સિનેમાના વિકસતા સ્તરને ઉજાગર કરવામાં ફિલ્મના યોગદાનની નોંધ લીધી હતી. તેમજ ફિલ્મનિર્માણ બાબતે નવીન સામગ્રીમાં સતત રોકાણ કરવા વિનંતી કરી હતી અને વિકાસને વેગ આપવા માટે ફિલ્મ નિર્માતાઓ, નિર્માતાઓ અને ડિજિટલ પ્લેટફોર્મ વચ્ચે વધુ સહયોગની હિમાયત કરી હતી.

કસુંબોના દિગ્દર્શક શ્રી વિજયગીરી બાવાએ તેઓની ફિલ્મ નિર્માણ યાત્રા વિષે વિગતે વાત કરી હતી તેમજ ફિલ્મ દિગ્દર્શનમાં સામેલ પડકારોની વિગતો આપી હતી.

તેઓએ વાર્તાની અખંડિતતા સાથે સમાધાન કર્યા વિના માળખાગત સુવિધાઓનું સંચાલન, બજેટ મર્યાદાઓનો સામનો કરવા અને વાર્તામાં બ્રાન્ડ્સને માવિષ્ટ કરવાની જટિલતાઓ અંગે ચર્ચા કરી હતી. કસુંબો ચલચિત્રના નિર્માત્રી શ્રીમતી ટ્વિકલ બાવાએ ફિલ્મ ઉદ્યોગને માન્યતા આપવા બદલ ય્ઝઝૈંની પ્રશંસા કરી હતી અને ખાસ કરીને કોવિડ મહામારી પછીના સમયમાં **OTT** પ્લેટફોર્મ પર ગુજરાતી ફિલ્મોના વધતા મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ફિલ્મ નિર્માતાઓને ફક્ત સરકારી સબસીડી મેળવવાને બદલે અર્થપૂર્ણ સામગ્રી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

અભિનેત્રી શ્રીમતી શ્રદ્ધા ડાંગરે સિનેમા દ્વારા ગુજરાતી સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના મહત્વ વિશે ઉત્સાહપૂર્વક વાત કરી હતી. તેઓએ ગુજરાતની સમૃદ્ધ પરંપરાઓ, મૂલ્યો અને વાર્તા કહેવાના વારસાને પ્રતિબિંબિત કરવા બાબતે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગના યોગદાન પરત્વે ગર્વ વ્યક્ત કર્યો હતો.

તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતી સિનેમામાં રાજ્યની જીવંત સંસ્કૃતિ, ભાષા અને રિવાજો પ્રદર્શિત કરવાની અનન્ય ક્ષમતા છે, જે વૈશ્વિક સ્તરે આપણી સંસ્કૃતિને પ્રતિબિંબિત કરવા તેમજ પ્રસાર કરવામાં મદદરૂપ થયેલ છે.શ્રી રોનક કામદારે ફિલ્મ નિર્માતાના દ્રષ્ટિકોણને જીવંત કરવામાં, વાર્તાને યોગ્ય રીતે રજુ કરવામાં અને ભાવનાત્મક ઊંડાણ ઉમેરવામાં કલાકારોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

તેમણે કસુમ્બો ચલચિત્રની આકર્ષક વાર્તા પ્રસ્તુતિકરણ માટે પ્રશંસા કરી હતી.ફિલ્મ દિગ્દર્શક શ્રી અભિષેક જૈન દ્વારા સમગ્ર સત્રનું સંચાલન કરવામાં આવ્યું હતું.ડિજિટલ માર્કેટિંગ, મીડિયા અને બુલેટિન કમિટીના ચેરમેન શ્રી પ્રદીપ જૈન દ્વારા આભાર વિધિ સાથે સત્રનું સમાપન થયું.

બરડા ડુંગર વિસ્તારમાંથી મળેલા બે માનવ કંકાલ અંગેનો ભેદ ખુલ્યો

પ્રેમી પંખીડા હોવાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૯

ભાણવડ નજીકના બરડા ડુંગર વિસ્તારમાંથી ગુરૂવારે બે માનવ અવશેષો મળી આવ્યા. બે વ્યક્તિઓના ગળાફાંસો ખાઈ લીધેલી હાલતમાં મળી આવેલા આ માનવ કંકાલ સંદર્ભે પોલીસ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસ આરંભી અને ગુમ થયેલા બે યુવક-યુવતીનો તાગ મેળવી, આ બંને સ્થાનિક રહીશ એવા પ્રેમી પંખીડા હોવાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચકચારી બની ગયેલા આ પ્રકરણની વિગત મુજબ ભાણવડ નજીક આવેલા બરડા ડુંગર સ્થિત કિલેશ્વર નેશ ખાતે ગુરુવારે આંબલીના ઝાડ પર દોરી વડે ટિંગાયેલી હાલતમાં બે હાડપિંજર પડ્યા હોવા અંગેની જાણ સ્થાનિક પોલીસને કરાઈ હતી. આ પ્રકરણને અનુલક્ષીને ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ તેમજ સ્થાનિક ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારુની ટીમ દ્વારા આ સ્થળે દોડી જઈ અને વિવિધ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. આ માનવ કંકાલનો પોલીસે કબજો મેળવી અને પોસ્ટમોર્ટમ તેમજ એફએસએલ તપાસ અંગેની કરવામાં આવેલી કાર્યવાહી વચ્ચે પોલીસની ટીમ દ્વારા આ વિસ્તારમાં ગુમ થયેલા લોકો અંગેની માહિતી મેળવવાની કામગીરી પણ કરવામાં આવી હતી. પોલીસની સ્થળ તપાસમાં માનવ વસ્તી ખૂબ જ દૂર અને ગાઢ જંગલમાં પહોંચી ગયેલી આ બે વ્યક્તિઓની આજુબાજુમાં એક માદળિયું તથા એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. સાથે સાથે આ હાડપિંજર નજીક રહેલા કપડાને જોતા એક સ્ત્રી-પુરૂષના કપડા હોવાનું જાણવા મળ્યું હતું. આ તપાસમાં જોડાયેલી એલસીબી અને એસઓજી પોલીસની સઘન તપાસમાં આ જગ્યાએ બંને પુરુષ-સ્ત્રીએ ગળાફાંસો ખાઈ લીધો હોવાનું તેમજ આ સ્થળેથી એક ઝરણું પસાર થતું હોવાનું અને ત્યાં મહિલાના વાળનો અંબોડો તેમજ એક તાવીજ પડ્યું હતું. આખરે પોલીસને સાંપળેલી કડીમાં આ ચીજ-વસ્તુ નજીકના વિસ્તારમાં રહેતા મંજુબેન ભીખાભાઈ ચાવડા (ઉ.વ. ૧૯) ની હોવાનું તેણીના પરિવારજનોએ વસ્ત્રો અને તાવીજ પરથી શોધી કાઢ્યું હતું. જ્યારે અન્ય મૃતદેહના હાડકા-ખોપરી પાસેથી કાનમાં પહેરવાની સોનાની કડી મળી આવી હતી. જેના પરથી આ કંકાલ ભાણવડના ઢેબર ગામના કરસનભાઈ ભીખાભાઈ ફગાસનો હોવાનું તેમના કુટુંબીજનોએ ઓળખી કાઢ્યું હતું. આ યુવક અને યુવતી વચ્ચે પ્રેમ સંબંધ હોય અને તેમના લગ્ન સંભવના હોવાથી તેઓએ ગાઢ જંગલમાં જઈને આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક અનુમાન કરવામાં આવે છે. જોકે અહીં એફ.એસ.એલ.ની ટીમ તથા મેડિકલ ટીમ દ્વારા બંનેના ડીએનએ ટેસ્ટની જરૂરી કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે. આજથી આશરે છ માસ પૂર્વે જૂન-૨૦૨૪ માસમાં આ યુવક તથા યુવતી ગુમ થયેલા હોવાની નોંધ સ્થાનિક પોલીસમાં કરવામાં આવી હતી. તે પછી છ માસ સુધી જંગલમાં દોરડા પર શરીર લટકતા હાડપિંજર થઈ ગયા હતા અને હાડકાના પણ ટુકડા થઈ ગયા હતા. આમ, પોલીસની ત્વરિત કાર્યવાહીથી બંને માનવ કંકાલનો ભેદ ઉકેલવામાં મહદ અંશે સફળતા મળી છે.

ધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદ સંચાલિત સન ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪ (બે વર્ષ)ના પુરસ્કાર વિતરણ યોજાયો

ધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવા
WINNER Rs.50
INR FIVE THOUSAND ONLY

ધી સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદ સંચાલિત સન ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪ (બે વર્ષ)ના પુરસ્કાર વિતરણ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે માનનીયશ્રી પરિમલભાઈ નથવાણી હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન પરિમલભાઈ નથવાણીનું સંસ્થા, હોદ્દેદારો અને ખેલાડીઓ તથા આમંત્રીત મહેમાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું.

આ સમારંભમાં માનનીયશ્રી જયભાઈ શાહએ ક્રિકેટ ક્ષેત્રે કરેલ કામગીરી અને તેઓનો ક્રિકેટ ક્ષેત્રે આપેલ યોગદાનને સૌએ તાળીઓના ગળગાળાટથી બિરદાવેલ હતી અને તેઓશ્રીએ ક્રિકેટ અને ક્રિકેટરોની સગવડમાં વધારો કરેલ છે. સી.બી.સી.એ.ને માર્ગદર્શન તેમજ સંપૂર્ણ સાથ અને સહકાર તેઓ તરફથી મળી રહેલ છે.

આ સમારંભમાં માનનીયશ્રી નરહરીભાઈ અમીને પણ હાજરી આપેલ હતી. આ સમારંભમાં મુખ્ય મહેમાનશ્રી પરિમલભાઈ નથવાણીએ ખેલાડીઓ અને આમંત્રીત મહેમાનોને ખૂબજ પ્રોત્સાહિત કર્યા હતા. અને તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એવું સત્ય બોલવું જોઈએ જે હિત-મિત અને ગ્રાહ્ય થઈ શકે.

- પ્રશ્નવ્યાકરણ સૂત્ર

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજજબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ વદ-૩૦ દર્શ અમાવસ્યા, દ્વિતિય શાહી સ્નાન કુંભમેળો-પ્રયાગરાજ તા.૨૯ જાન્યુઆરી ૨૦૨૫, બુધવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૨૮, શ્રવણ નક્ષત્ર, સિધ્ધિ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૭:૩૪, સૂ.અ.૬:૩૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
વૃષભ:મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
મિથુન:ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
સિંહ: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજનો પાર કરી શકશો.
કન્યા: આર્થિક લાભની તક મળે. તકનો લાભ ઉઠાવી શકશો.
તુલા: વડીલ વર્ગ સાથે સંઘર્ષ થાય. વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.
વૃશ્ચિક:મનમાં આનંદ રહે. પ્રતિકૂળ સમયમાંથી માર્ગ કાઢી શકશો.
ધન: મનમાં વ્યથા રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: અંગત મૂંઝવણો દૂર થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
કુંભ: સફળતા માટે મહેનત વધારજો, મિત્ર વર્તુળથી લાભ રહે.
મીન: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનવર્ગથી લાભ થાય.

ભાટિયાની સંસ્કાર ગર્લ્સ હોસ્ટેલમાં પ્રજાસતાક પર્વની ભવ્ય ઉજવણી કરાઈ

જામ ખંભાળિયા, તા. ૨૯

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે આવેલી સર્વે સમાજની કન્યાઓ માટેની એક માત્ર છાત્રાલય સંસ્કાર ગર્લ્સ હોસ્ટેલમાં પ્રજાસત્તાક પર્વની ભાવભરી ઉજવણી કરવામાં આવી હતી.

આ હોસ્ટેલમાં દિકરીઓને શિક્ષણ અને કેળવણીની સાથે સાથે તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા શ્રેષ્ઠ પ્રયત્નો સંસ્થાના સંચાલકો દ્વારા સતત કરવામાં આવે છે. જેના ભાગ રૂપે દીકરીઓમાં રાષ્ટ્રીય ભાવના કેળવાય તે હેતુથી હોસ્ટેલમાં દીકરીઓ દ્વારા ગણતંત્ર દિવસની સુંદર ઉજવણી કરાઈ હતી. જેમાં હોસ્ટેલમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યા બાદ દીકરીઓ દ્વારા ભાટિયા ગામમાં જાગૃતિ માટે પ્રભાત ફેરી કાઢવામાં આવી હતી.

હોસ્ટેલમાં યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ દેશ ભક્તિ ગીતો પર અભિનય, પિરામિન્ડ, દેશભક્તિ નાટક, અભિનય ગીત, સ્પીચ, રિંગ ડાન્સ, ગાયન, ગરબા જેવા દેશભક્તિનાં કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ ગર્લ્સ હોસ્ટેલના સંચાલક જેતીબેન ચાવડા દ્વારા સૌને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

દ્વારકાના જગતમંદિરમાં રવિવારે વસંત પંચમી મહોત્સવની થશે ભવ્ય ઉજવણી

જામ ખંભાળિયા, તા. ૨૯

દ્વારકાના વિશ્વ પ્રસિદ્ધ જગતમંદિરમાં આગામી રવિવાર તા. ૨ ના રોજ મહા સુદ પંચમીના વસંત પંચમી મહોત્સવની ઉજવણી કરાશે. જે સંદર્ભે ઠાકોરજીના નિત્યક્રમમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. તા. ૨ ના સવારના દર્શન નિત્યક્રમાનુસાર યોજાશે. બપોરે ૧:૩૦ વાગ્યે ઠાકોરજીની ઉત્સવ આરતી યોજાશે. જે ૨:૩૦ વાગ્યા સુધી ઉત્સવ દર્શનનો લાભ ભાવિકોને પ્રત્યક્ષ તેમજ વિવિધ ઓનલાઈનના માધ્યમથી થશે. જયારે સાંજના ક્રમમાં ઉત્થાપન દર્શન ૫:૩૦ વાગ્યે યોજાયા બાદ તમામ દર્શન નિત્યક્રમ અનુસાર યોજાનાર હોવાનું મંદિર વહીવટદારની યાદીમાં જણાવાયું છે.

ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં અપાયું નેત્ર સારવાર મશીન

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા, તા. ૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (વાડીનાર) દ્વારા સામાજિક સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે આંખના દર્દીઓ માટે મહત્વનું એવું ફેકો મશીન અર્પણ કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાના પ્રયાસોથી સિવિલ હોસ્પિટલને આ મશીનની સુવિધા મળતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને વધુ સારી સારવાર મળી રહેશે તેમ હોસ્પિટલના અધિક્ષકની એક યાદીમાં જણાવાયું છે.

કેનેડાના ઈમિગ્રેશન વિભાગ દ્વારા ૩,૩૦૦ નોકરીઓમાં કાપ મૂકવાની યોજના, ભારતીયોને ફટકો

કેનેડાનો ઈમિગ્રેશન વિભાગ, IRCC, ૨૦૨૮ સુધીમાં ૩,૩૦૦ નોકરીઓમાં કાપ મૂકશે, જે તેના કાર્યબળનો ૨૫% છે. આ ઘટાડાથી તેના કાર્યબળમાં મહામારી પહેલાના સ્તર ઉપર લઈ જવામાં આવશે અને ઈમિગ્રેશન પ્રક્રિયા ધીમી પડશે. આનાથી ભારતીયોને અસર થશે

નવી દિલ્હી તા.૨૯

કેનેડાના ઈમિગ્રેશન વિભાગ, ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા **(IRCC)**એ જાહેરાત કરી છે કે તે ૨૦૨૮ સુધીમાં ૩,૩૦૦ નોકરીઓમાં કાપ મૂકશે, જે તેના કાર્યબળનો એક ચતુર્થાંશ ભાગ છે. ગયા વર્ષે કેનેડા રેવન્યુ એજન્સીમાં ૬૦૦ કામચલાઉ અને કરાર ઉપરના કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા બાદ કેનેડામાં ફેડરલ સરકારે જાહેર કરેલી આ નવીનતમ નોકરીમાં કાપ છે. **IRCC**એ એજન્સી છે જે નાગરિકતા, કાયમી રહેઠાણ અને પાસપોર્ટ અરજીઓ માટે અરજીઓ ઉપર પ્રક્રિયા કરે છે. આ ઈમિગ્રેશન પ્રક્રિયા ધીમી કરશે અને કેનેડામાં કામ કરવા અથવા સ્થાયી થવાની યોજના બનાવી રહેલા ભારતીયોને અસર કરશે. **IRCC**ના કદ ઘટાડવાના પગલાની પબ્લિક સર્વિસ એલાયન્સ ઓફ કેનેડા **(PSAC)** અને કેનેડા એમ્પ્લોયમેન્ટ એન્ડ ઈમિગ્રેશન યુનિયન **(CEIU)** જેવા મજૂર સંગઠનો દ્વારા ટીકા કરવામાં આવી છે. **IRCC**ના કર્મચારીઓ મુશ્કેલીમાં છે કારણ કે તેમને ફેબ્રુઆરીના મધ્ય સુધીમાં ખબર પડશે કે તેઓ છટણી કરાયેલા કર્મચારીઓની યાદીમાં છે કે નહીં. તેમને ૧૯ જાન્યુઆરીએ ઈમેઈલ દ્વારા આ કાપ અથવા 'બજેટ પરિસ્થિતિ' વિશે જાણ કરવામાં આવી હતી, જેની **IRCC**એ પછી **CBC**ને પુષ્ટિ આપી હતી. કેનેડામાં ભારતીયો મોટી સંખ્યામાં છે. કેનેડાએ ગયા નવેમ્બરમાં તેનો ફાસ્ટ-ટ્રેક વિઝા કાર્યક્રમ પણ સમાપ્ત કર્યો હતો. ઈમેઈલમાં જણાવાયું હતું કે આ કાપથી કોને અસર થશે તે અંગે હજુ સુધી કોઈ ખાતરી નથી, પરંતુ તેમાં તમામ ક્ષેત્રો અને શાખાઓના લોકોનો સમાવેશ થશે. ફેબ્રુઆરીના મધ્યથી કર્મચારીઓને જાણ કરવામાં આવશે. મીડિયાના અહેવાલ મુજબ **IRCC**એ જણાવ્યું હતું કે, 'આગામી ત્રણ વર્ષમાં, અમે અમારા આયોજિત કાર્યબળમાં આશરે ૩,૩૦૦ જગ્યાઓનો ઘટાડો કરીશું. આનાથી **IRCC**ના દરેક ક્ષેત્ર અને દરેક શાખા ઉપર, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે, મુખ્ય મથક અને પ્રદેશોમાં, અને એક્ઝિક્યુટિવ સ્તર સહિત તમામ સ્તરે વિવિધ અંશે અસર થશે,'. તેણે આ કેવી રીતે પ્રાપ્ત કરવાની યોજના ધરાવે છે તેની પણ ચર્ચા કરી. **IRCC**એ એક ઈ-મેઈલમાં જણાવ્યું હતું કે, 'અમારો અંદાજ છે કે આ ઘટાડામાંથી લગભગ ૮૦ ટકા આયોજિત સ્ટાફિંગ, શરતો અને અન્ય કામચલાઉ સ્ટાફિંગ પ્રતિબદ્ધતાઓને દૂર કરીને પ્રાપ્ત કરી શકાય છે. 'બાકીના ૨૦ ટકા ઘટાડા **WFA** (વર્કફોર્સ એડજસ્ટમેન્ટ) પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત કરવાની જરૂર પડશે અને તે હંગામી કર્મચારીઓને અસર કરશે,'. 'જોકે અસરગ્રસ્ત કાર્યો ઓળખી કાઢવામાં આવ્યા છે, પરંતુ વ્યક્તિગત હોદ્દાઓ હજુ સુધી પૂર્ણ થયા નથી.' કેટલાક રોજગાર કરાર વહેલા સમાપ્ત થઈ શકે તેમ હોવાનું તેમાં જણાવવામાં આવ્યું હતું પરંતુ અસરગ્રસ્તોને ૩૦ દિવસની નોટિસ આપવામાં આવશે.

આ કાપ પાછળનું કારણ

IRCCએ મીડિયાને આપેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભૂતકાળમાં રોગચાળાને કારણે વિભાગનો વિસ્તાર થયો હતો અને તે કામચલાઉ ભંડોળ પર આધારિત હતો. ઈમિગ્રેશન અને હાઉસિંગ કટોકટીએ પણ કેનેડાના અર્થતંત્ર પર દબાણ મૂક્યું છે. આ કાપ માર્ચ ૨૦૨૪ના સ્તરથી કર્મચારીઓના ૨૫% છે અને તેને ૨૦૨૧ના સ્તર ઉપર પરત લઈ જશે. ટ્રેઝરી બોર્ડ અનુસાર, **IRCC** પાસે માર્ચ ૨૦૨૪ સુધી ૧૩,૧૦૦ કર્મચારીઓ હતા, જે ૨૦૧૯માં લગભગ ૭,૯૦૦ અને ૨૦૧૪માં ૫,૯૦૦થી વધીને ૨૦૧૪માં ૫,૯૦૦ હતા. ઓકટોબરમાં ૨૦૨૪માં, કેનેડિયન સરકારે ૨૦૨૭ સુધીમાં ઈમિગ્રેશન સ્તર ઘટાડવાની જાહેરાત કરી. નિવેદનમાં લખ્યું છે કે, '**IRCC**માં સ્ટાફિંગને ઘટાડેલા સ્તરો અને કાયમી ભંડોળ સાથે સંરેખિત કરવા માટે ગોઠવવામાં આવી રહ્યું છે,'. આ ખર્ચને રોગચાળા પહેલાના સ્તર સુધી ઘટાડવા માટે કરવામાં આવી રહ્યું છે. આ નોકરીમાં કાપ ૨૦૨૩માં કેનેડાના ફેડરલ બજેટ દ્વારા પ્રસ્તાવિત વ્યાપક કાપનો એક ભાગ છે. આ બજેટમાં આગામી ચાર વર્ષમાં ૧૫૦૦ કરોડ યુએસડીના ઘટાડાની રૂપરેખા આપવામાં આવી છે.

યુનિયનોએ આ કાપ સામે અવાજ ઉઠાવ્યો

પબ્લિક સર્વિસ એલાયન્સ ઓફ કેનેડા **(PSAC)** અને કેનેડા એમ્પ્લોયમેન્ટ એન્ડ ઈમિગ્રેશન યુનિયન **(CEIU)**એ આ નોકરીમાં કાપની વિગતો જાહેર કરી અને કહ્યું કે તે 'કેનેડામાં જાહેર સેવાઓના પરિવારો, વ્યવસાયો અને સમુદાયો માટે વિનાશક ફટકો' હશે. **PSAC**ના રાષ્ટ્રીય પ્રમુખ શેરોન ડીસોસાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'આ મોટા કાપથી આ મહત્ત્વપૂર્ણ જાહેર સેવાઓ ઉપર આધાર રાખતા પરિવારો અને વ્યવસાયોને નુકસાન થશે અને વધતા ઈમિગ્રેશન સંકટને વધુ ખરાબ કરશે.'. 'જાહેર સેવાઓમાં વ્યાપક કાપ હંમેશા કેનેડાની સૌથી સંવેદનશીલ વસ્તીને નુકસાન પહોંચાડે છે અને હજારો કામદારોને અનિશ્ચિતતામાં મૂકે છે, તેઓ આગામી મહિને નોકરી ગુમાવશે કે નહીં તે અંગે અનિશ્ચિતતા છે.'

કેનેડા નોકરી કાપથી ભારતીયો શા માટે પ્રભાવિત થશે ?

'બ્રિટિશ કોલંબિયા યુનિવર્સિટીના ગ્લોબલ એંગેજમેન્ટના ડિરેક્ટર ફિલિપ રીચર્ટે મીડિયાને જણાવ્યું કે, 'આ કાપ પહેલાથી જ તણાવગ્રસ્ત સિસ્ટમ ઉપર દબાણ વધારશે, જેના કારણે તમામ પ્રકારની ઈમિગ્રેશન અરજીઓ માટે રાહ જોવાનો સમય લાંબો થશે જેમ આપણે છેલ્લા કેટલાક મહિનાઓમાં જોયું છે. હવે, એક કારણ છે કે કેનેડામાં અભ્યાસ કરવા અથવા કામ કરવા માટે ભારત તરફ જોનારા ભારતીયો પ્રભાવિત થશે. ભારત કેનેડામાં ઈમિગ્રન્ટ્સનો ટોચનો સ્ત્રોત દેશ છે. નેશનલ ફાઉન્ડેશન ફોર અમેરિકન પોલિસી **(NFAP)**ના એક અભ્યાસ મુજબ, '૨૦૧૩ અને ૨૦૨૩ની વચ્ચે, કેનેડામાં સ્થળાંતર કરનારા ભારતીયોમાં ૩૨૬%નો વધારો થયો, ૩૨,૮૨૮થી ૧૩૯,૭૧૫,'. છેલ્લા બે દાયકામાં કેનેડિયન યુનિવર્સિટીઓમાં ભારતીય નોંધણી ૫,૮૦૦%થી વધુ વધી. કેનેડામાં નોકરીમાં કાપ મુકવા અંગે લોકોની ઈન્ટરનેટ ઉપર ચર્ચા લોકો ચિંતિત છે અને આ અંગે ચર્ચા કરવા માટે ઈન્ટરનેટનો સહારો લઈ રહ્યા છે. રેડિટ ઉપર એક વ્યક્તિએ લખ્યું, 'મારો મતલબ છે કે તેઓએ ઝડપ ઘટાડી દીધી છે' બસ, હવે પૂરતું થઈ ગયું છે. ઈમિગ્રેશન અને આર્થિક દૃષ્ટિકોણથી આ પરિસ્થિતિ વધુ ખરાબ કરશે,'. અન્ય લોકોએ જણાવ્યું કે આ લોકોને ઘરે પાછા મોકલવાનો એક રસ્તો છે. બીજા વ્યક્તિએ લખ્યું, 'તેઓ કુશળ કામદારો સાથે ખરેખર ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓ સાથે નિયંત્રિત ઈમિગ્રેશન ઈચ્છે છે. ૩૦ લાખ ઓછા કુશળ કામદારો અને હોટેલ મેનેજમેન્ટ લેતા વિદ્યાર્થીઓ નહીં. જે બીજા બધા કરતા પ્રાથમિકતા લઈ રહ્યા છે,'

કેટલાક કેનેડિયનો દ્વારા આ કાપની પ્રશંસા

એક વ્યક્તિએ કહ્યું, 'દરેક સ્તરે ઉદારવાદીઓએ ઉચ્ચ રોજગાર વૃદ્ધિ દર્શાવવા માટે સરકારી ભરતીમાં વધારો કર્યો હતો. આ બધું આપણા કરના પૈસા ઉપર હતું જે પહેલા કેનેડિયનોને મદદ કરવા માટે રોકાણ કરવું જોઈતું હતું. ખુશી છે કે તે થઈ રહ્યું છે અને ઈમિગ્રેશનને સમગ્ર દેશમાં ધીમું કરવાની જરૂર છે, અને આજના બદલાતા સમયનું સત્ય છે,'. રેડિટ ઉપર બીજા વ્યક્તિએ પૂછ્યું, 'આ શું થઈ રહ્યું છે ? શું તે ખરેખર સુધારા કરી રહ્યા છે કે ફક્ત ઈમિગ્રેશનના પગ કાપી રહ્યા છે અને ખરેખર જાહેર કરી રહ્યા નથી કે તેઓ મોરેટોરિયમ કરી રહ્યા છે ?'.

ઈઝરાયેલ અને તુર્કી સિવાય, યુક્રેન સહિત લગભગ તમામ દેશો માટે વિદેશી સહાય સ્થગિત કરતું અમેરિકા

(એજન્સી) તા.૨૯

યુએસએ યુક્રેન સહિત ઘણા દેશો માટે વિદેશી સહાય અટકાવી દીધી છે, પરંતુ ઈઝરાયેલ અને તુર્કીને મુક્તિ આપી છે. વિદેશ સચિવ રૂબિયોનાર નિર્દેશ મુજબ, આ સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેમાં સાથી દેશો માટે કટોકટી ખોરાક અને લશ્કરી ભંડોળના અપવાદો છે. આ **PEPFAR** સહિત વિવિધ સહાય કાર્યક્રમોને અસર કરે છે, જે **HIV/AIDS** સારવારની જરૂર ધરાવતા ૨ લાખથી વધુ લોકોને અસર કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સે યુક્રેન સહિતઘણા દેશો માટે તમામ વિદેશી સહાય સ્થગિત કરી દીધી છે પરંતુ ઈઝરાયેલ અને તુર્કીને મુક્તિ આપવામાં આવી છે. મીડિયાના અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પદગ્રહણ પછી તરતજ જારી કરાયેલા રાજ્ય સચિવ માર્કો રૂબિયોના આંતરિક નિર્દેશમાં વિદેશી સહાય માટે 'અમેરિકા ફર્સ્ટ' અભિગમ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. મીડિયા દ્વારા મેળવેલા આંતરિક મેમોમાં જણાવાયુંછે કે, 'દરેક પ્રસ્તાવિત નવા એવોર્ડ અથવા વિસ્તરણની સમીક્ષા અને મંજૂરી ન મળે ત્યાં સુધી નવા પુરસ્કારો અથવા હાલના પુરસ્કારોના વિસ્તરણ માટે કોઈ નવું ભંડોળ બંધાયેલું રહેશે નહીં.' મેમો અનુસાર, ફક્ત ઈઝરાયેલ અને ઈજિપ્ત માટે કટોકટી ખોરાક અને લશ્કરી ભંડોળ આ આદેશમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. આ વ્યાપક નિર્દેશ વિકાસ અને લશ્કરી સહાય સહિત વિવિધ સહાય શ્રેણીઓને અસર કરે છે, ખાસ કરીને યુક્રેનને અસર કરે છે, જેને રશિયન દળો સામેના સંરક્ષણ દરમ્યાન અગાઉના બિડેન વહીવટ હેઠળ નોંધપાત્ર શસ્ત્ર ભંડોળ પ્રાપ્ત થયું હતું. આ સસ્પેન્શન **PEPFAR** માટે યુએસ ભંડોળને પણ અટકાવે છે, જે **HIV/AIDS** કાર્યક્રમ છે જે વિકાસશીલ દેશોમાં, ખાસ કરીને સમગ્ર આફ્રિકામાં એન્ટિ-રેટ્રોવાયરલ સારવાર પૂરી પાડે છે. ૨૦૦૩માં જ્યોર્જ ડબલ્યુ બુશના રાષ્ટ્રપતિકાળ દરમ્યાન સ્થાપિત **PEPFAR**એ આશરે ૨.૬ લાખ લોકોનું જીવન બચાવ્યું છે અને અગાઉ વોશિંગ્ટનમાં વ્યાપક દ્વિપક્ષીય સમર્થન જાળવી રાખ્યું છે. આ નિર્દેશમાં ખાસ કરીને ઈઝરાયેલને લશ્કરી સહાયને બાકાત રાખવામાં આવી છે, જેનો ગાઝા સંઘર્ષ પછી યુએસ શસ્ત્ર સમર્થનમાં વધારો થયો છે અને ઈઝરાયલ સાથે ૧૯૭૯ના શાંતિ કરાર પછી નોંધપાત્ર યુએસ સંરક્ષણ ભંડોળ મેળવનાર ઈજિપ્તે પણ બાકાત રાખવામાં આવ્યું છે. રૂબિયોએ યુએસ કટોકટી ખાદ્ય સહાય યોગદાન માટેની જોગવાઈઓનો સમાવેશ કર્યો હતો, જેણે સુદાન અને સીરિયા સહિતના કટોકટીગ્રસ્ત પ્રદેશોને ટેકો આપ્યો છે. ડેમોક્રેટિક ધારાસભ્યોએ હાઈલાઈટ કર્યું હતું કે **PEPFAR** ૨ લાખથી વધુ લોકોને દવાની જરૂર હોય તેવા લોકોને ટેકો આપે છે, જ્યારે યુએસ દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતી મેલેરિયા વિરોધી પહેલ ૬.૩ લાખ લોકોને મદદ કરે છે.

શિષ્યવૃત્તિ માટે શાળાઓએ ફરજિયાત NSP ઉપર રજિસ્ટ્રેશન કરવું પડશે

અમદાવાદ, તા.૨૯

અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ માટે શાળા-કોલેજોએ ફરજિયાત નેશનલ સ્કોલરશીપ પોર્ટલ **(NSP)** ઉપર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આમ, વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ મળી રહે તે માટે શાળાઓને તાકિદે રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તમામ સ્કૂલોને પરિપત્ર કરાયો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓનો રાજ્ય સરકાર દ્વારા અમલ કરવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ યોજનાઓનો અમલ રાજ્યની શાળાઓ, કોલેજો, સંસ્થાઓ અને યુનિવર્સિટી મારફતે કરવામાં આવે છે. શિષ્યવૃત્તિને લઈને કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પશ્ચિમ ઝોનના રાજ્યોની ગોવા ખાતે ક્લસ્ટર મિટીંગ રાખવામાં આવી હતી. આ મિટીંગમાં થયેલી ચર્ચા મુજબ જે શાળા કે કોલેજમાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને કેન્દ્ર પુરસ્કૃત પ્રિ-મેટ્રીક કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ચુકવવાની થશે તે તમામ શાળા, કોલેજ, સંસ્થા કે યુનિવર્સિટીએ ફરજિયાત નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ઉપર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ઉપર રજિસ્ટ્રેશન કેવી રીતે કરવું તે બાબતની તમામ માહિતી શાળાકોલેજોને આપવામાં આવી છે. જેનો ઉપયોગ કરીને રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આમ, અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ચુકવી શકાય તે માટે તમામ શાળાઓએ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ઉપર તાત્કાલીક રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ અંગે રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા સ્કૂલોને પરિપત્ર કરી સુચના આપી છે. જેમાં તાકીદે રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવા આદેશ કરાયો છે.

ગુજરાતમાંથી પકડાયેલા દીપડા મહારાષ્ટ્રના સરહદી ગામોમાં છોડાતા હોવાના સરકાર સામે આક્ષેપો

અમદાવાદ તા.૨૯

ગુજરાતને અડીને આવેલા મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોએ ગુજરાતના વન વિભાગ ઉપર ગંભીર આક્ષેપ કર્યા છે. ગુજરાતમાંથી ઝડપાયેલા દીપડાઓને વન વિભાગ મહારાષ્ટ્રના ગામડાંમાં છોડી મૂકતા હોવાનો આક્ષેપ કરાયો છે. બોટમાં દીપડાને નદી પાર કરાવી છોડી મૂકાતા હોવોનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. ગુજરાતના વન વિભાગ ઉપર સવાલ ઊઠતાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે વીડિયોને ફેક ગણાવી કહ્યું હતું કે ગુજરાતના વન વિભાગને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પકડાયેલા દીપડાઓને મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના જંગલોમાં છોડી દેવામાં આવતાં સ્થાનિક લોકોએ આક્ષેપ સાથે આકરો વિરોધ નોંધાવ્યો છે. આક્ષેપ છે કે દક્ષિણ ગુજરાતના મહારાષ્ટ્ર બોર્ડર નજીક આવેલાં ગામોમાં નર્મદા નદીના જળમાર્ગે બાર્જ બોટ મારફત દીપડાઓને મણિબેલી અને ચીમલખેડી વિસ્તારમાં લાવવામાં આવે છે, જેથી ત્યાંના સ્થાનિકોએ વન વિભાગની નીતિ ઉપર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે. મહારાષ્ટ્રનાં ગામોના લોકો એક બાજુ કહી રહ્યા છે ગુજરાત વન વિભાગના અધિકારીઓ બાર્જ બોટમાં પાંજરે પૂરેલા દીપડાને નંદુરબાર જિલ્લાના મણિબેલી અને ચીમલખેડી વિસ્તારમાં છોડવા માટે આવ્યા હતા. એ સમયે ગ્રામજનોને આ બાબતની જાણ થઈ, તો તેમણે ઉગ્ર વિરોધ કર્યો. પ્રખર વિરોધના કારણે વન વિભાગના અધિકારીઓ દીપડાને સાથે લઈને પરત ચાલ્યા ગયા હતા. બોટમાં દીપડા લાવી છોડી મુકાતા હોવાનો દાવો સ્થાનિક ગ્રામજનોના કહેવા મુજબ, છેલ્લા ત્રણ મહિનામાં ગુજરાતમાંથી ૩-૪ દીપડાને આ વિસ્તારમાં છોડી દેવાયા છે. આ દીપડાઓને છોડવાનાં સ્થળોમાં નર્મદા નદી કિનારે આવેલાં ૩૩ ગામ છે, જેમાં શાળાઓ અને રહેણાક વિસ્તાર પણ છે. આ દીપડાઓ સ્થાનિક લોકજિંદગી માટેગંભીર ખતરો ઊભો કરી શકે છે. અન્ય એક સ્થાનિક નાગરિકે જણાવ્યું હતું કે ગુજરાત વન વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ દાદાગીરી કરીને અમારા વિસ્તારમાં બોટની અંદર પાંજરા લઈને આવ્યા હતા. આ વિસ્તાર આદિવાસી વિસ્તાર છે. અહીં બાળકો ભણવા માટે જાય છે જેને લઈને સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો, જેથી તેઓ પરત ફર્યા.આ સમગ્ર મામલે સરકારના મંત્રી મુકેશ પટેલે નિવેદન આપતા જણાવ્યું હતું કે 'મારી પાસે પણ વીડિયો વાઈરલ થઈને આવ્યો છે. અમારા વન વિભાગના અધિકારીઓ ક્યારેય દીપડાનું રેસ્ક્યૂ કરીને કોઈ અન્ય રાજ્યમાં મોકલતા નથી. ગુજરાત પાસે પર્યાપ્ત જગ્યા છે. ગુજરાત પાસે આટલું મોટું જંગલ હોય ત્યારે વન વિભાગના લોકો શા માટે આ જરૂરિયાતમાં પડે? અમે મોટાભાગે દીપડાઓ ઉપર ચિપ્સ લગાવીએ છીએ અને એની મૂવમેન્ટ ઉપર અમારી નજર હોય છે. જ્યારથી દીપડાના હુમલા વધી ગયા છે, ત્યારથી અમે ચિપ્સ લગાવવાનું શરૂ કર્યું છે.' 'કોઈ ટીખળખોરે વન વિભાગને બદનામ કરવા માટેનું કાવતરૂ કર્યું હોય એમ લાગે છે. બોટ જેવું છે, એ કઈ નદીનું છે એ ખબર પડતી નથી.' તેમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યમાં બાકી ફી મુદ્દે વિદ્યાર્થીઓને ત્રાસ આપનારી સ્કૂલો સામે કડક પગલા ભરાશે

અમદાવાદ, તા.૨૯

સ્કૂલો દ્વારા બાકી ફી મુદ્દે કોઈ પણ વિદ્યાર્થીનું પરિણામ અટકાવાશે કે પરીક્ષામાં બેસવા નહીં દેવાય તો તેમની સામે કડક કાર્યવાહી કરવાની ચિમકી શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. આ ઉપરાંત સ્કૂલોએ બાકી ફી માટે વિદ્યાર્થીઓના બદલે સીધા વાલી સાથે જ રજૂઆત કરવાની રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયમાં આવેલી સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની બાકી ફીને લઈને સ્કૂલો દ્વારા ઘણી વખત અમાનવીય વર્તન કરવામાં આવતું હોય છે. જેમાં વિદ્યાર્થીઓને વર્ગખંડની બહાર ઉભા રાખવા, સ્કૂલમાં આવતા અટકાવવા, પરીક્ષામાં બેસતા અટકાવવા તેમજ બોર્ડની પરીક્ષા વખતે તેમને હોલ ટિકિટ ન આપવી જેવા કઠોર પગલા લેવામાં આવે છે. જેની સીધી અસર વિદ્યાર્થીઓના માનસ ઉપર થાય છે. જેને લઈને શિક્ષણ વિભાગ દ્વારા દરેક જિલ્લા શિક્ષણાધિકારીને તમામ પરિપત્ર કર્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા તમામ સ્કૂલોને મોકલવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, બાળકના સર્વાંગી વિકાસનું કાર્ય શાળાઓ દ્વારા થતું હોય છે, આવા ઉમદા કાર્યના ભાગીદાર થવું તે દરેક શાળાનો ધ્યેય હોવો જોઈએ. શિક્ષક દ્વારા બાળકને સૌમ્યભરા વાતાવરણમાં શિક્ષણ કાર્ય થાય તે ખૂબ જ જરૂરી છે. કેટલી શાળાઓ દ્વારા વિદ્યાર્થીની ફી બાકી હોવાને કારણે વિદ્યાર્થીને પરિક્ષામાં ન બેસાડવા, હોલ ટીકીટ ન આપવા, રીજલ્ટ ન આપવા જેવી ફરિયાદ **DEO** કચેરીને મળતી હોય છે. તેમજ શાળા દ્વારા ફી ભરવા બાબતે વિદ્યાર્થી સાથે વારંવાર મૌખિક રજુઆત કરવામાં આવે છે. જેથી બાળકના માનસ ઉપર વિપરિત અસર થાય છે. જેથી તમામ શાળાઓને ફી બાકી અંગે વાલી જોડે જ રજૂઆત કરવાની રહેશે તેવો આદેશ આપવામાં આવ્યો છે. ઉપરાંત વિદ્યાર્થીની ફી બાકી હોવાને કારણે વિદ્યાર્થીને પરિક્ષામાં બેસાડવા, હોલ ટીકીટ આપવા, રીજલ્ટ આપવા માટે પણ આદેશ કરાયો છે. બાળકો માટે શાળા અને શિક્ષક એક આદર્શ હોય છે અને તેઓ દ્વારા આવા અઘટિત કાર્ય કરવામાં આવે તો બાળકોના માનસપટલ ઉપર વિપરિત અસર કરે છે. જેના લીધે બાળક માનસિક રોગનો શિકાર બની શકે છે. જો કોઈપણ વ્યક્તિ દ્વારા આ જોગવાઈનું ઉલ્લંઘન થતું માલૂમ પડશે અથવા તએ અંગે કોઈ રજૂઆત કે ફરિયાદ મળશે અને તેમા તથ્ય જણાશે તો તેવી વ્યક્તિ સામે તેને લાગુ પડતા શિસ્ત વિષય નિયમોનુસાર શિસ્ત ભંગના પગલાં લેવામાં આવશે.

દિલ્હી બાદ હવે ગુજરાત રાજ્યની હવા ઝેરી બની

અમદાવાદ, તા.૨૯

દિલ્હી બાદ હવે ગુજરાતની હવા પણ ઝેરી બની રહી છે. છેલ્લાં ત્રણેક દિવસથી અમદાવાદ શહેરની હવા અશુદ્ધ બની રહી છે. હવામાં ઝેરી રજકણોની માત્રા વધતાં શ્વાસ-અસ્થમાના દર્દીઓ માટે જોખમી વાતાવરણ બની રહ્યું છે. તાજેતરમાં વહેલી સવારે વાયુ પ્રદુષણ એટલી હદે બગડ્યું કે, એર કવોલિટી ઈન્ડેક્સનો આંકડો ૧૫૦ને વટાવી ગયો હતો. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા તો એર ક્વોલિટી ઈન્ડેક્સ છેક ૧૭૩ સુધી પહોંચ્યો હતો. આમ, વાયુ પ્રદૂષણને નાથવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેમ છતાંય અમદાવાદીઓને શુદ્ધ હવા મળી શકે તેમ નથી. ગુજરાતમાં ઔદ્યોગિક વિસ્તારની સરખામણીમાં અમદાવાદ શહેરમાં વાયુ પ્રદૂષણ દિવસેને દિવસે વધી રહ્યું છે. જાન્યુઆરી માસમાં જ છેલ્લાં ત્રણેક દિવસથી એર કવોલિટી ઈન્ડેક્સ ૧૫૦થી વધુ રહ્યો છે. સામાન્ય રીતે **PM 2.5** ની માત્રા ૨૫થી ઓછી હોવી જોઈએ. હાલના દિવસોમાં અમદાવાદમાં **PM 2.5**ની માત્રા વધીને ૬૦ સુધી પહોંચી ગઈ હતી. આ ઉપરાંત હવામાં **PM ૧૦**નું પ્રમાણ ૫૦થી ઓછું હોય તો શ્રેષ્ઠ ગણાય છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ-NCPનું ગઠબંધન નહીં

અમદાવાદ,તા.૨૯

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. ૧૬ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. જ્યારે ૧૮ ફેબ્રુઆરીના રોજ મતગણતરી યોજવામાં આવશે. ત્યારે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પૂરજોશમાં ચૂંટણીના મેદાનમાં બાજી મારવા માટે તૈયારી કરી લીધી છે. પક્ષના કાર્યકર્તાઓને ચૂંટણીના પ્રચાર-પ્રસાર માટે હાકલ કરી દેવામાં આવી છે. જેમાં આજે કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે અમદાવાદની તાજેતરમાં મુલાકાત વખતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને મોટું નિવેદન આપતાં કહ્યું હતું કે કોંગ્રેસ પોતાના સિમ્બોલ ઉપર ચૂંટણી લડશે. જ્યારે મહારાષ્ટ્રમાં ગઠબંધન કરનાર **NCP** ગુજરાતમાં એકલા હાથે ચૂંટણી લડશે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાઈ ચૂક્યું છે. ત્યારે તાજેતરમાં કોંગ્રેસ પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમણે પ્રદેશ કાર્યાલય ખાતે સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે બેઠક કરી હતી. મુકુલ વાસનિકે સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને મોટું નિવેદન આપતાં કહ્યું હતું કે કોંગ્રેસ પોતાના સિમ્બોલ ઉપર ચૂંટણી લડશે. ગઠબંધનના નિર્ણયમાં સ્થાનિક નેતાઓની મહત્ત્વની ભૂમિકા રહેશે, જે તે વિસ્તારમાં સ્થાનિક સંગઠનની માગ મુજબ ગઠબંધનનો નિર્ણય લેવાશે. આ ઉપરાંત આમ આદમી પાર્ટી સાથે ગઠબંધનનો નિર્ણય તેમને સ્થાનિક નેતાઓ ઉપર છોડ્યો છે. આમ આદમી પાર્ટીના નેતા ઈશુદાન ગઢવીએ જણાવ્યું હતું કે જે રીતે લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે ગઠબંધન કર્યું હતું. ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના શાસનનો અંત લાવવા માટે આમ આદમી પાર્ટીને જે પણ કરવું પડે તે કરશે. કોંગ્રેસે સ્થાનિક લેવલે ગઠબંધનની વાત કરી છે તેને હું આવકારૂં છું. સ્થાનિક લેવલે ગઠબંધનના જે નિર્ણયો લેવાશે તેને રાષ્ટ્રીય સ્તરે પહોંચાડવામાં આવશે.

અડવાણા પ્રાથમિક શાળામાં નાથ વંદના નિમિત્તે શિક્ષકો અને મહાનુભાવોને શિલ્ડથી સન્માનિત કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૨૯

માસ્તરમાંથી મહાત્મા બનેલા શ્રીમન નથુરામ શર્માજી અડવાણા પ્રાથમિક શાળામાં માસ્તર તા.૧/૨/૧૮૭૭ થી તા.૧૯/૪/૧૮૭૯ શિક્ષક માસ્તર હતા. તેમના ૧૬૭ માં પ્રાગટ્ય દીને માણાવદરના શ્રી ગો ગાયત્રી યજ્ઞ યાગ દ્વારા ૫૪ કુંડી શ્રી ગી ગાયત્રી યજ્ઞ યાગ ગો ઉપાસક મયૂર મો રાવલના વડપણ હેઠળ યોજાઈ ગયો. ૫૪ કુંડી શ્રી ગૌ ગાયત્રી યજ્ઞ યાગ માં સહકાર આપનારા આચાર્ય તથા સ્ટાફ પરિવાર, મધ્યાન ભોજન સ્ટાફ અને મહાનુભાવોનો નાથ વંદના ના ભાવ સાથે પ્રજાસત્તાક દિન પૂર્વે અડવાણા ખાતે સમારંભ સંપન્ન થયો. શ્રી અરડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલી અડવાણા પ્રાથમિક શાળા છે. પ્રાચીન શ્રી અરડેશ્વર મહાદેવ મંદિરે તમામ શિલ્ડ અને પૂજ્ય ગુરુદેવની છબીજીનું પૂજન અર્ચન અડવાણા બ્રહ્મ સમાજના પ્રમુખ હસમુખભાઈ થાનકી પોરબંદર બ્રહ્મ સમાજના અગ્રણી અને એડવોકેટ વલ્લભભાઈ જોશીજી અને મહેમાનો એ કર્યું હતું. અડવાણા નિજ મંદિરમાં પૂજ્ય નથુરામ શર્માજીની છબીજી પોરબંદર તાલુકા પંચાયતના સભ્ય અને લક્ષ્મણભાઈ કારાવદરા અને ગુરુબંધુ જીતુબાપુ રાણાએ પધરાવી. શ્રી અરડેશ્વર મહાદેવનું પૂજન અર્ચન કરી પ્રશસ્તિનું ગાન કરી. પ્રાર્થના, હનુમાન ચાલીસા પાઠ જય ઘોષ સાથે શાળાના બાળકોના હસ્તે દીપ પ્રગટાવી થયું હતું. નાથ વંદના સમારંભના મુખ્ય અધ્યક્ષ શ્રી અરડેશ્વર મહાદેવ હતા. ખાસ મહેમાનો તરીકે અડવાણા બ્રહ્મ સમાજના પ્રમુખ હસુભાઈ થાનકી, પોરબંદર બ્રહ્મ સમાજના આગેવાન અને એડવોકેટ વલ્લભભાઈ જોશી, પોરબંદર તાલુકા પંચાયતના સદસ્ય લક્ષ્મણભાઈ કારાવદરા, અગ્રણી વેપારી દેવજીભાઈ ખાણદર, દિવ્ય પ્રકાશ આશ્રમ બખરલાના સંચાલક ધના ભાઈ ખુટી, ભીડભંજન હનુમાન મંદિરના મહંત પૂજ્ય શિવગર બાપુ, રાજકોટથી આવેલા ગુરૂ બંધુ જીતુબાપુ રાણા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના પ્રોફેસર ડો. રેખાબા રાણા અન્ય મહાનુભાવો ઉપસ્થિતિમાં કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

નાથ વંદના સમારંભની રૂપરેખા અને સ્વાગત પ્રવચન શ્રી ગો ગાયત્રી યજ્ઞ યાગના સંયોજક અને ઉપાસક મયૂર મો રાવલ કર્યું હતું.

પૂજ્યપાદ નાથ ભગવાનના ૧૬૭ માં જન્મદિનને તા.૭/૧૦/૨૦૨૪ને સોમવારે ૫૪ કુંડી શ્રી ગો ગાયત્રી યજ્ઞ યાગ યોજાયો ૧૦૮ બાળકોએ લાભ લીધો હતો. કર્મયોગી શાળા પરિવારનો સ્ટાફ, મધ્યાન ભોજનના સ્ટાફ અને મહાનુભાવો એ સહકાર આપ્યો. અડવાણા શાળા ના તમામ ૧૯ ખંડોમાં પૂજ્યપાદ ની છબીજી વિદ્યાર્થીના હસ્તે અર્પણ કરી કરવામાં આવી. અડવાણા શાળા ના આચાર્ય વાલમસિંહ ડામોર, ઉપાચાર્ય બાબુભાઈ કટારા, શિક્ષકો મધ્યાન ભોજન સ્ટાફ અને અડવાણા બ્રહ્મ સમાજના પ્રમુખ હસુભાઈ થાનકી, તાલુકા પંચાયત પોરબંદરના સદસ્ય લક્ષ્મણભાઈ કારાવદરા, વેપારી આગેવાન દેવજીભાઈ ખાણદર, બ્રહ્મ અગ્રણી રમેશભાઈ મોઢા, દિવ્ય આશ્રમ બખરલાના સંચાલક ધનાભાઈ ખુટી શિવગરબાપુ ગૌસ્વામી ને શીલ સાથે દિવ્ય આશ્રમ બખરલા ના પુસ્તકો આપવામાં આવ્યા. રાજકોટથી આવેલા ગુરૂ બંધુ જીતુબાપુ રાણા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ના પ્રો. (ડો.) રેખાબા રાણાએ ગુરૂભક્તિ અને ગુરૂ કૃપા વિશે પ્રવચનો કર્યા હતા. સી. આર. સી. અડવાણાના વડા પુષ્પાબેન મોઢવાડિયા, અડવાણા ગ્રામ પંચાયતના માજી સરપંચો હરદાસભાઈ મોઢવાડિયા, ખીમભાઈ ખુટી, ગૌ સેવક પ્રતાપભાઈ કારાવદરા વગેરે હાજર રહ્યા હતા. મહેમાનોએ શાળાના દરેક ખંડની મુલાકાત લઈ દિવ્યતા અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાના શિક્ષક શ્રી રાજેશભાઈ અઢિયાએ કર્યું હતું. શાળા, ગો શાળા, આશ્રમોમાં અત્યાર સુધીમાં ૪૮૫ શ્રી ગૌ ગાયત્રી યજ્ઞ યાગ થઈ ચૂક્યા છે.

ઈણાજ ખાતે જિલ્લા કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ

ખેલાડીઓનો ઉત્સાહ વધારતા જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા

વેરાવળ તા. ૨૯

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ઈણાજ ખાતે ગીર સોમનાથ જિલ્લા કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ હતી. ઈણાજ ખાતે જિલ્લા સેવા સદનના સ્પોર્ટ્સ રૂમમાં વિવિધ વયજૂથ હેઠળ ૪૦ વર્ષથી ઉપરની વયજૂથના ખેલાડીઓની ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ હતી. આ અવસરે જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ખેલાડીઓનો શાબ્દિક ઉત્સાહ વધાર્યો હતો અને ભવિષ્યમાં પણ કાંડાનું કૌવત દાખવી અને રમતગમત ક્ષેત્રે પ્રગતિ કરે એવી શુભકામનાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે, ટેબલ ટેનિસ સ્પર્ધામાં તા.૨૩/૦૧/૨૦૨૫ના રોજ અંડર ૧૧,૧૪,૧૭ અને ઓપન વિભાગની સ્પર્ધા શ્રી સરસ્વતી સ્કૂલ, વેરાવળ તથા તા.૨૪/૦૧/૨૦૨૫ના રોજ ૬૦ વર્ષથી ઉપર વયજૂથની સ્પર્ધા રાજદિપ સ્કૂલ, કોડિનાર ખાતે યોજાઈ હતી.

આ વિવિધ વયજૂથની તમામ સ્પર્ધાઓમાં ભાઈઓ-બહેનો મળી ૩૫૦થી પણ વધુ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓને સરકાર દ્વારા રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. વિજેતા ખેલાડીઓ આગામી દિવસોમાં ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આ તકે, નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ, જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી કાનજીભાઈ ભાલિયા સહિત રમતગમત કોચ, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ઊનાના ગુરૂકુળ વિદ્યાલયમાં પ્રજાસતાક દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૯

ઊના શહેરમાં આવેલ સ્વામનારાયણ ગુરૂકુળના સંકુલમાં ભારતના ૭૬ માં પ્રજાસતાક દિવસની ઊજવણી સંસ્થાના સ્થાપક સ્વામિ માધવદાસની હાજરીમાં ઊનાના આગેવાન ગુણવંતભાઈ તળાવીયાના હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રીય ગીતનું ગાન કરી તિરંગાને સલામી આપી હતી તેમજ જિલ્લાકક્ષાનું ઊનામાં યોજાયેલ પ્રજાસતાક દિવસની ઉજવણીમાં સાંસ્કૃતિ કાર્યક્રમમાં સ્વામિનારાયણ ગરૂકુળ વિદ્યાલયના વિદ્યાર્થીઓ તલવાર રાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ જેને જિલ્લા કલેકટર જાડેજા અને જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા, જિલ્લા પ્રમુખ, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને ઊના પ્રાંત અધિકારીએ અભિનંદન આપેલ હતા.

ઊના શહેરમા ઉછીના આપેલા રૂપિયા પરત માંગતા છરી વડે હુમલો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૯

ઊના શહેરમાં રામનગર ખારામાં રહેતા શૈલેષભાઈ રમેશભાઈ સોલંકી પોતાની દુકાને જતા હતા ત્યારે આરોપી વિશાલ પુનાભાઈ પરમારે શૈલેષભાઈની પાછળથી આવી છરીના ઘા મારતાં રોડ ઉપર પડી ગયા હતા. તેમને પીઠના ભાગે, હાથ અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા પ્રથમ ઊનાની સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા ત્યારબાદ સ્થિતિ ગંભીર જણાતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. બનાવના કારણમાં શૈલેષભાઈએ તેમના મિત્ર વિશાલને ઉછીના રોકડા રૂપિયા આપેલ તે પરત માંગતા મન દુઃખ રાખી હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીની પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસ ઈન્સ્પેક્ટર મહેન્દ્રસિંહ રાણાની સૂચનાથી પોલીસ સ્ટાફે આરોપી વિશાલને તુરંત પકડી પાડયો હતો.

વેરાવળ એસ.ટી. ડેપો ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

ડ્રાઈવર, કંડક્ટર અને મુસાફરોની નિઃશુલ્ક આરોગ્ય તપાસ કરવામાં આવી

વેરાવળ તા.૨૯

નેશનલ રોડ સેફટી મંથ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે વેરાવળ એસ.ટી.ડેપો ખાતે ડ્રાઈવર, કંડક્ટર અને મુસાફરો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

વેરાવળ એસ.ટી. ડેપોના મેનેજર દિલીપ શામળાના જણાવ્યાનુસાર નેશનલ રોડ સેફટી મંથ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે જી.એચ.સી.એલ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વીટીઆઈ-તાલાલાના મેડિકલ સ્ટાફ અને નર્સિંગ સ્ટાફ દ્વારા વેરાવળ એસ.ટી. ડેપો ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો.

આ મેડિકલ ચેકઅપ કેમ્પમાં ડ્રાઈવર, કંડકટર, મિકેનિક, ટ્રાફિક, વહીવટી સ્ટાફ તેમજ મુસાફરોએ નિઃશુલ્ક આરોગ્ય તપાસ કરાવી હતી. આ આરોગ્ય કેમ્પમાં બ્લડ પ્રેશર, શુગર, બ્લડ ગ્રૂપ, ફિટનેસ વગેરે પ્રકારના અલગ-અલગ ચેકઅપ કરવામાં આવ્યાં હતાં.

ઊનાના ત્રણ યુવાનોએ જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં વિજેતા બની ગૌરવ વધાર્યું

"રમશે ગુજરાત, જીતશે ગુજરાત"
ખેલ મહાકુંભ 3.0
ગીર સોમનાથ જીલ્લા કક્ષા ટેબલ ટેનિસ સ્પર્ધા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૯

તાજેતરમાં કોડીનારની રાજદીપ હાઈસ્કુલમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દવારા ખેલ મહાકુંભ ૩.૦ ની રમત ગમત સ્પર્ધા જિલ્લા કક્ષાની યોજાઈ હતી. જેમાં જિલ્લા કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધા સિંગલમાં ઊના શહેરના ૭૨ વર્ષના યુવાન સુરર્ભાઈ જોશી ૬૦થી વધુ ઉંમરની કેટેગરીમાં પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. જયારે ડબલ્સમાં સુરેશભાઈ જોશી અને ડો. ત્રિલોકભાઈ નિમાવત રે. ઊનાની જોડી પ્રથમ ક્રમે વિજેતા બની હતી. તેમજ ઓપન કેટેગરીમાં ઊનાના ડો.હાર્દિકભાઈ જાદવ પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતા થતાં ત્રણે ઊનાનું ગૌરવ વધાર્યું છે. આ ત્રણે વિજેતા સ્પર્ધકો આગમી દિવસોમાં રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં ભાગ લેવા જશે. સુરેશભાઈ જોશી ૨૦૨૧થી ખેલ મહાકુંભ સ્પર્ધામાં વિજેતા થતા આવ્યા છે. સુરેશભાઈ જોશી ઊનામાં નિઃશુલ્ક યોગા ક્લાસ બહેનો અને ભાઈઓના ચલાવી લોકોને ફીટ અને તંદુરસ્ત રાખી રહયા છે.

સોમનાથ મંદિરમાં મળેલ પર્સ પોલીસ સ્ટાફ દ્વારા માલિકને પરત કરાયું

પ્રભાસ પાટણ તા. ૨૯

સોમનાથ મંદિરે આવેલા કોઈ કોઈ અજાણા દર્શનાર્થીનું પર્સ પડી ગયેલ હતું જે ફરજ પરના પોલીસ કર્મચારી **HC** ભીખાભાઈને મળી આવેલ હતું જેમણે મંદિર સુરક્ષા **DYSP** ખટાણા સાહેબ અને **PSI** ભુવાને જાણ કરી ત્યારબાદ ખટાણાની સૂચના મુજબ મૂળ માલિકની શોધખોળ કરી પર્સ પરત કરેલ હતું.

મૂંગા અને અબોલ પશુઓના મદદે આવ્યું ફરતું પશુ દવાખાનું

પ્રાચી તીર્થ ટીબડી ગામે ગાયને ટ્રક અથડામણના કારણે થયેલ ગંભીર ઈજામાં યોગ્ય સારવાર આપી

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તા.૨૯

પ્રાચી તીર્થ ટીંબડી ગામે ગાયને ટ્રક અથડામણના કારણે ખુબજ ઈજા થતા પીડાતી ગાયને ફરતું પશુ દવાખાના દ્વારા સારવાર આપી હતી. દસ ગામ દીઠ ફરતાં પશુ દવાખાના દ્વારા ગાયને ટ્રક અથડામણના કારણે થયેલ ઈજામાં યોગ્ય સારવાર આપી પીડામુકત કરી જીવ બચાવવામાં આવ્યો હતો. પશુપાલક યશપાલભાઈની ગાયને ટ્રક અથડામણના કારણે પીડાતા યશપાલભાઈએ ફરતા પશુ દવાખાનાની ટીમને જાણ કરતા ૨૭-૦૧-૨૦૨૫ નાફરતુ પશુ દવાખાના પ્રાસલીના કર્મચારી ડૉ.ભાગયેશ ડોડીયા અને પાયલોટ મનહરભાઈ દ્વારા યોગ્ય સારવાર કરી યશપાલભાઈની ગાયને પીડામુકત કરી હતી. આમ પ્રાસલી એનિમલ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા સફળતા પૂર્વક અબોલ પશુનો જીવ બચાવવામાં આવ્યો હતો. ગિર સોમનાથ પ્રોગ્રામ મેનેજર ડો.ગુરૂરાજ અને પ્રોજેક્ટ કોઓર્ડીનેટર સુનીલ લીંબાણીએ પ્રાસલી ટીમની સરાહના કરી હતી. આજે ગૂજરાતમાં સેવા ખૂબ બહોળા પ્રમાણમા પશુ પક્ષીઓને સેવા પૂરી પાડી રહી છે. યશપાલભાઈએ સેવા અને ડોકટરશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

ઊનાના બોડીદર કન્યા શાળામાં અભ્યાસ કરતી બહેનોનો એક દિવસીય પ્રવાસ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૯

ઊનાના ગીરગઢડા તાલુકાના બોડીદર ગામે આવેલ શ્રી, બોડીદર કન્યા શાળામાં અભ્યાસ કરતી બહેનોનો એક દિવસીય પ્રવાસ યોજાયો હતો. પ્રથમ તુલસીશ્યામ મંદિરે જઈ ઊના તાલુકા પોલીસ સ્ટેશનની એક્સ પ્લોઝર મુલાકાતે આવેલ હતા અને ત્યાં પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ રાણાએ તમામનું સ્વાગત કરી બાળકોને પોલીસનો ભય દૂર થાય, મહિલા રક્ષણના કાયદાઓ પોલીસની કાર્યવાહી, વિવિધ ગુનાઓમાં પોલીસની મદદ કેમ લેવી, ગુડ ટચ અને બેડ ટચની માહિતી મહિલા પોલીસે આપેલ તેમજ પી.એસ.આઈ. રમેશ ભાઈ, પોલીસ કોન્સ્ટેબલ પ્રતાપસિંહ અને પોલીસ કર્મચારીઓએ એફ.આઈ.આર. રજિસ્ટર્ડ કેમ નોંધાવી પોલીસની અલગ અલગ કામગીરીની માહિતી આપી હતી. રાયફલ અને અન્ય પોલીસના શાસ્ત્રોનું નિર્દેશન બતાવેલ હતું તેમજ ટ્રાફિક ના નિયમોનું કેવી રીતે પાલન કરવું તે સમજાવેલ હતું. પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ રાણા દ્વારા આવેલ તમામ બહેનોને ચોકલેટ તેમજ ભેટ આપી હતી. ત્યારબાદ ઉનાથી દીવ તરફ પ્રવાસ માટે રવાના થયા હતા. સાંજે બોડિદર ગામે પહોંચી ગયા હતા. આ પ્રવાસ સફળ બનાવવા કન્યા શાળાના આચાર્ય વિજયસિંહ વાળા, મદદનીશ શિક્ષક વિજયસિંહ ઝાલા, ભરતભાઈ કામલીયા, સંગીતાબેન પઢિયાર, અરૂણાબેન વાઘેલા, વૈદેહીબેન બારડએ જહેમત ઉઠાવી હતી.

આજે ૨૯ જાન્યુઆરી 'અખબાર દિવસ'

ભારતનો અખબાર દિવસ દર વર્ષે ૨૯ જાન્યુઆરીએ ૧૭૮૦માં દેશના પ્રથમ અકબાની શરૂઆત કરવામાં આવે છે. એના ઉપર ખાસ કરીને એના ઉપર દબાણ કરી અને લખાણ કલા ખાવામાં આવતું પરંતુ અત્યારે જે હજારોની સંખ્યા માંગદારો છે તે સ્વતંત્ર રીતે તથા નિષ્પક્ષ રહેવાલ આપે છે અને લોકોને એ રીતે નિષ્પક્ષ સમાચાર મળે છે ખાસ કરીને અગત્યનું એ છે કે જે અખબાર છે તે અખબાર નિષ્પક્ષ હોવું જોઈએ અને એ નિષ્પક્ષ અને સ્વતંત્ર અખબાર હશે તો લોકોને વચ્ચે સારા સમાચાર પહોંચી શકે આપણે ગવર્મેન્ટ સરકાર શ્રી પણ ખરેખર આ માટે ઘણા પ્રયત્નો કરે છે અને સરકારશ્રીનો પણ આમાં ઘણો આભાર હોય છે અને એનો ટેકો પણ હોય છે તો આ રીતે આપણે અખબાર દિવસ તરીકે ઉજવે છે આ સમયે ખાસ કરીને આપણો એક અગત્યનો એક ઉભો થાય છે કે આપણે પ્રાણીઓ જે જે લેખો આવે છે તે લેખો આપણે વ્યવસ્થિત વાંચીએ અને એ પ્રમાણે આપણે અકબર આપણા ચાલુ રહે એવા પ્રયત્ન કરવા જોઈએ આજે ખબર છે કે અખબારો દ્વારા લોકોને ઘણી ઘણી માહિતીઓ મળે છે ડિજિટલમાં તો હજી પૂરેપૂરી માહિતી કદાચ મળે કે ના મળે જે સપોર્ટ માહિતી મળે છે તે માહિતી દ્વારા લોકો વાંચી અને એનો અમલ કે ઉદ્યોગોમાં કરે છે વિદ્યાર્થીઓના અભ્યાસમાં કરે છે ખેતીમાં પણ આગવાનો ફાળો બહુ મહત્વનો છે ખેતીમાં અલગ અલગ સ્ટોરીઓ આવે છે અને નવી નવી ટેકનોલોજી છે પણ માહિતી આવે છે.

- ડો.જી. આર.ગોહિલ

જૂનાગઢ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન

પ્રાકૃતિક કૃષિ પધ્ધતિથી ગુણવત્તાયુક્ત ખેતી કરતા તોરણીયાના રમેશભાઇ સાવલીયા

રાસાયણિક દવાનો વપરાશ બંધ કરતા ફળની સાઈઝમાં વધારા સાથે મીઠાશ પણ વધી : જમીનની ફળદ્રુપતા વધતા અન્ય પાકની ગુણવત્તામાં વધારો

જૂનાગઢ તા.૨૯

પરંપરાગત રાસાયણિક ખેતી કર્યા બાદ ખર્ચના બોજથી ત્રસ્ત થઈને પ્રાકૃતિક ખેતી તરફ વળેલા જૂનાગઢ તાલુકાના તોરણીયા ગામના રમેશભાઈ ભીખાભાઈ સાવલીયા જણાવે છે કે, હું પહેલા રાસાયણિક ખેતી કરતો હતો. દવા અને ખાતરના તોતીંગ ખર્ચના કારણે ખૂબ તકલીફોનો સામનો કરવો પડતો. ધીમે ધીમે ઉત્પાદન ઘટવા સાથે જંતુનાશક દવાની અસર ઓછી થવા લાગી અને આવક સામે ખર્ચ વધુ થવા લાગ્યો હતો. આમ, વૈકલ્પિક ખેતીની રાહમાં છેલ્લા ૫ વર્ષથી પ્રાકૃતિક ખેતી તરફ વળીને કોઈપણ વધારાના ખર્ચ વગર સારા નફા સાથે આજે હું સફળ ખેતી કરી રહ્યો છું. રમેશભાઈ સાવલીયા જણાવે છે કે, મેં પ્રાકૃતિક ખેતીની તાલીમ સાથે નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન મેળવી જીવામૃત બનાવવાનું શરૂ કર્યું હતું. અમે વર્ષ ૨૦૧૯થી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. આ પ્રાકૃતિક ખેતીમાં તેમણે પોતાના ખેતરમાં પંચસ્તરીય મોડલ ફાર્મ વિકસાવેલ છે. જેમાં તેઓએ વર્ષાયુ પાક તરીકે આફ્રિકન મહોગનીનું વાવેતર કરેલ છે. સાથે બાગાયતી પાકમાં કેળા, સીતાફળ તેમજ જામફળનું વાવેતર કરેલ છે, ઉપરાંત વિવિધ શાકભાજી જેવા કે ભીંડો, કોબી, મરચા, ફલાવર, ટમેટા, પાલક નું પણ વાવેતર કરેલું છે. જેમાંથી ખૂબ સારું એવું વળતર મળી રહે છે. આ ફાર્મ વિકસાવવા તેમને આત્મા પ્રોજેક્ટ દ્વારા મોડલ ફાર્મ ની સહાય પણ આપવામાં આવેલ છે. રમેશભાઈ પોતે પોતાનું પ્રાકૃતિક ઉત્પાદન આજે જિલ્લા સેવાસદન ખાતે પ્રાકૃતિક હાટમાં દર ગુરૂવાર અને સરદાર બાગ ખાતે દર રવિવારે વેચાણ કરે છે અને સારી આવક મેળવે છે. પ્રકૃતિને ખીલવવા રમેશભાઈએ આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડુતોને આપવામાં આવતી પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવેલ છે. જેના થકી ફાર્મર માસ્ટર ટ્રેનર તરીકે આજે બીજા ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીની આ તાલીમ આપી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા ઘણું યોગદાન આપી રહ્યા છે. રમેશભાઈ પોતાની જમીનને જમીન નહીં પણ માં સમજે છે અને પોતાના કામની શરૂઆત મસ્તક નમાવી પ્રણામ કરીને કરે છે. રમેશભાઈ પોતે પોતાના ખેતરમાં હર હંમેશા ખેતીમાં વિવિધ સંશોધન કરતા રહે છે. જે ઉત્પાદન મેળવે છે તેમના વેચાણની ચિંતા રહેતી નથી કારણકે આ પ્રાકૃતિક ઉત્પાદન ખરિદી માટે તેમના ગ્રાહકો બંધાયેલા છે. રમેશભાઈ જે ખેતી અપનાવી છે તે બીજા ખેડૂતો તેમાંથી પ્રેરણા લઈ અપનાવે તો ચોક્કસપણે ફાયદો થશે આ ખેતીથી પાકની ગુણવત્તા સુધરી છે, ફળની સાઈઝમાં વધારા સાથે તેની મીઠાશમાં પણ વધારો થયો છે. ઉપરાંત ખેતી ખર્ચમાં ઘટાડો થશે સાથે સાથે જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું સ્થળ ઊંચું આવશે અને જમીનની ફળદ્રુપતામાં ઘણો વધારો થશે.

પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે ગુજરાત યુનિવર્સીટીમાંથી આવેલ ૯૪ ભાઈઓ અને બહેનોએ ખડક ચઢાણની બેઝીક તાલીમ પૂર્ણ

Basic Course in Rock Climbing

જૂનાગઢ તા.૨૯

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ પ્રાયોજિત ખડક ચઢાણ બેઝિક કોર્સ ૧૦ દિવસ માટે જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાત યુનિવર્સીટીના ભાઈઓ અને બહેનોના ૮૯ તાલીમાર્થીઓ, સ્વ ખર્ચે ૫ સહીત કુલ ૯૪ તાલીમાર્થીઓ એ તાલીમ લીધી હતી. શિબિરના છેલ્લા દિવસના રોજ પૂર્ણાહુતી કાર્યક્રમ યોજાયો હતો .જેમાં તાલીમાર્થીઓએ ગિરનાર ના અંબાજી ખાતે પ્રજાસત્તાક દિન પર્વની ઉજવણી કરી હતી. આ તકે હારૂન વિહળ, કે.પી. રાજપૂત, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ, પ્રો. સ્નેહાબેન પટેલ, કે.એન. પટેલના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તથા શિબિર અંગેની માહિતી ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડે આપી હતી. તાલીમાર્થી માલતીબેન ભમ્મર, સૌરભસિહ રાજપૂત અને સીમા જાટ દ્વારા કેમ્પ ના અનુભવો વિષે તેમના અભિપ્રાય વ્યક્ત કરેલ હતો કે, પર્વતારોહણની તાલીમ શરૂઆતમાં અમને કોન્ફીડન્સ આવતો ના હતો પરંતુ જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ ઈન્સ્ટ્રક્ટરઓના માર્ગદર્શનથી કોન્ફીડન્સ આવ્યો તથા પ્રકૃતિની સાથે રહીને તાલીમ લેવાની મજા જ અલગ હતી. અહી બધા સાથે હળીમળી ને બધી પ્રવતિઓ કરી તે ખુબ ગમ્યું તેમ જણાવ્યુ હતું. અંતે આભાર વિધિ ઈન્સ્ટ્રક્ટર પ્રદીપકુમાર એ કરી હતી. કાર્યક્રમનું સંચાલન બિહોલા નેહા તેમજ ભરવાડ રાકેશભાઈ એ કર્યું હતું.

સોમનાથ સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે યોજાયો દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૯

સોમનાથ-પ્રભાસ-પાટણ ખાતે સ્વામિજી અને સંતોના પ્રેરક સત્સંગ સભા સાથે દિવ્ય શાકોત્સવ સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે યોજાયો હતો. સત્સંગ સભાને સંબોધતા પ્રેમસ્વરૂપદાસ સ્વામિ શાસ્ત્રીજીએ જણાવ્યું કે, શાકોત્સવની પરંપરા એ કેવળ ખાવા માટે નહી પરંતુ ભગવાનને મેળવવા સ્વાસ્થ્ય કેમ સારૂ રહે તે માટે છે. આ પરંપરા આજથી ૨૦૦ વર્ષ પૂર્વે સ્વયં ભગવાન સ્વામિનારાયણે શરૂ કરી હતી અને બાજરીના રોટલાને સ્વહસ્તે બનાવીને હરિભક્તોને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું હતું તે સમયે સૌરાષ્ટ્રના લોયા ગામ ખાતે ૧૮ મણ ઘી અને ૬૦ મણ રીંગણાનું શાક બનાવીને હરિભક્તોને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું હતું. શાકાહારથી આરોગ્ય માટે શિયાળામાં મહત્વનું હોય છે તેવી જ બાજરામાં વિશેષ શક્તિ ઉર્જા આપે છે. ધર્મ-પર્યાવરણ-આરોગ્યનું આ ઉત્સવનું મહત્વ છે. ડી.કે. સ્વામિએ આવેલા સૌ ભક્તોનું સ્વાગત કર્યું અને શાકોત્સવનું મહત્વ સમજાવ્યું હતું. ભક્તિપ્રસાદ સ્વામિજીએ સહયોગ આપનાર તમામ હરિભક્તો, ટ્રસ્ટીઓ અને સ્વામિજીના યોગદાનને યાદ કરી ધર્મ-ભક્તિ કાર્ય સફળ બનાવવા માટે સૌનો આભાર માન્યો હતો. સ્વામિનારાયણ ગુરૂકુળ આચાર્ય સહિત તમામ સ્ટાફ તથા ભક્તજનોએ ખડેપગે સેવાઓ બજાવી અને શાકોત્સવની દિવ્ય પ્રસાદી લઈ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ખંભાળિયા : કાયદાનું ઉલ્લંઘન કરતા શખ્સો સામે ધાક બેસાડવા પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ગત સાંજે પોલીસ અધિકારી તેમજ સ્ટાફ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગની કાર્યવાહી કરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં વાહન ચોરી, ચીલ ઝડપ તેમજ લૂંટ જેવા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તથા કાયદાનો ભંગ કરનારા શખ્સો સામે ધાક બેસાડવા અંગેની કાર્યવાહીના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ અહીંના ડીવાયએસપી ડો. હાર્દિક

પ્રજાપતિની ટીમ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતુ. જેમાં અહીંના પી.આઈ. બી.જે. સરવૈયા પી.એસ.આઈ. એમ.આર. બારડ, આઈ.આઈ. નોયડા તથા ડી.જી. પરમાર અને સ્ટાફ દ્વારા અહીંના જોધપુર ગેઈટ, નગર ગેઈટ, ચાર રસ્તા, નવાપરા વિગેરે વિસ્તારો ઉપરાંત નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં વાહન ચેકિંગ તેમજ પીધેલા શખ્સો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસની આ ઝુંબેશથી કાયદો હાથમાં લેનારા શખ્સોમાં ફફડાટની લાગણી જોવા મળી હતી.

ખંભાળિયામાં ખેડૂત સત્યાગ્રહ સંમેલન યોજાશે ખેડૂતોને ઉમટી પડવા પાલભાઈ આંબલિયાની હાકલ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીન માપણી સંપૂર્ણપણે રદ્દ કરવાની માંગ સાથે ખંભાળિયામાં વાછરાવાવ ખાતે આવતીકાલે ગુરુવારે "ખેડૂત સત્યાગ્રહ" સંમેલન યોજાશે. દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ નો પાકવિમો ૭૦ થી ૮૦ ટકા મળવાપાત્ર હતો, તે સરકાર દ્વારા અપાયો ન હોવાથી આ અંગેની પણ માંગ કરાશે. દ્વારકા જિલ્લામાં ગત ચોમાસે નોંધપાત્ર ૨૭૨ ટકા વરસાદ નોંધાયો છે. ત્યારે ચાલુ વર્ષનુ પાક ધિરાણ સંપૂર્ણપણે માફ કરવાની માંગ કરાશે આ સંમેલનમાં કરનાર છે. વધુ વિગતો આપતા પાલભાઈ આંબલીયાએ જણાવ્યું છે કે ૧૧ - ૧૧ વર્ષથી સરકાર જમીન માપણી ભૂલ સુધારણા અરજીઓ કરાવે છે, પણ પરિણામ શૂન્ય છે. આટલા વર્ષોમાં સરકાર એક ગામનો નકશો પણ સુધારી શકી નથી. ત્યારે આ માપણી સંપૂર્ણપણે રદ્દ જ કરવી જોઈએ તેવી વ્યાપક માંગ ઉઠવા પામી છે. આ ઉપરાંત છેલ્લા ૭ વર્ષથી કલ્યાણપુર તાલુકાના મહત્વના એવા સાની ડેમના તૂટેલા દરવાજા અને ચરકલા ડેમ સરકાર રીપેર કરી શકી નથી !! દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા વંગળી અને રેટા કાલાવડ ડેમ બનાવવા માટે છેલ્લા ૧૫ વર્ષથી દર ચૂંટણીએ માત્ર ઉદઘાટન થાય છે. પરંતુ નોંધપાત્ર પરિણામની લોકો રાહ જુએ છે. ઉદઘાટન પછી સરકાર જાણે ભૂલી જતી હોય તેમ ડેમ બનાવવાનું ટેન્ડર પણ થતું નથી... જેથી ઉદઘાટનના લોલીપોપથી હવે ખેડૂતો થાકી ગયા છે. આવા મુદ્દે દ્વારકા જિલ્લાના ખેડૂતોના અનેક પ્રશ્ને ગુરૂવાર તા. ૩૦ ના રોજ ખંભાળિયામાં "ખેડૂત સત્યાગ્રહ" સંમેલન યોજાશે. જેમાં જમીન માપણીના પ્રશ્ને આખા ગુજરાતના ખેડૂતો, આગેવાનોને પાલભાઈ આંબલિયા દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. ખંભાળિયામાં જામનગર હાઈવે પર આવેલી દલવાડી હોટલ પાસે વાછરાવાવ ખાતે ગુરૂવારે રોજ સવારે ૯:૩૦ વાગ્યે ખેડૂતોને ઉપસ્થિત રહેવા હાકલ કરવામાં આવી છે. આ સંમેલનમાં ખેડૂત આગેવાનો, રાજકિય આગેવાનો પણ ઉપસ્થિત રહેશે. જેમાં અમિત ચાવડા, જીગ્નેશ મેવાણી, લાલજી દેસાઈ, ઈશુદાન ગઢવી, હેમંત ખવા, વિક્રમ માડમ, પાલ આંબલિયા સહિતના રાજકીય આગેવાનો ખાસ જોડાશે. સાથે ડાયાભાઈ ગજેરા, રતનસિંહ ડોડીયા, પ્રવીણ પટોડીયા, ભરતસિંહ ઝાલા, ભરતસિંહ વાળા સહિતના ખેડૂત આગેવાનો પણ ઉપસ્થિત રહેશે તેમ પાલભાઈ આંબલીયાની યાદીમાં જણાવાયું છે.

પ્રજાસતાક પર્વે દેહદાનનું સંકલ્પપત્ર અર્પણ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૯

રાષ્ટ્રીય તહેવાર ૨૬ જાન્યુઆરીના દિવસે આરેણા ગ્રામ પંચાયતના સદસ્ય કાર્તિકભાઈ કાનાભાઈ ભાદરકા દ્વારા દેહદાનનું સંકલન પત્ર અર્પણ કર્યું છે. માંગરોળ તાલુકા કક્ષાએથી રાષ્ટ્રીય તહેવાર ૨૬ જાન્યુઆરી આરેણા પે. સેન્ટર શાળા ખાતે ઉજવવામાં આવી હતી. આ રાષ્ટ્રીય તહેવારમાં ઉપસ્થિત કાર્તિકભાઈ ભાદરકા દ્વારા મામલતદારના હસ્તે દેહદાનનો સંકલ્પ શિવમ્ ચક્ષુદાન-આરેણા પરિવારને અર્પણ કર્યો હતો. કાર્તિકભાઈનું દેહદાનનું સંકલન પત્ર પોરબંદર G.M.E.R.S. મેડિકલ કોલેજમાં પોરબંદરના સેવાભાવી રોટલા બેંકના દર્શનભાઈ જોષી અને શ્રી રામ બ્લડ બેંકના મેનેજીંગ ડાયરેકટર જયપાલસિંહ જેઠવા દ્વારા ડો. મયંક જાવિયાને અર્પણ કર્યું છે. કાર્તિકભાઈ ભાદરકાના વંદનિય વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા પરિવાર બિરદાવે છે અને કાર્તિકભાઈને દિર્ઘ આયુષની શુભકામના પાઠવે છે.

ખંભાળિયાના રહેણાંક વિસ્તારમાં આગ ભભૂકી : સોલાર અને જનરેટર ખાખ

1/28/25
7:52 PM

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયાના પોસ રહેણાંક વિસ્તારમાં ગતરાત્રે એક આસામીના ટેરેસ પરની સોલાર પેનલમાં આગ ભભૂકી ઉઠતા થોડો સમય ભયના માહોલ સાથે દોડધામ મચી જવા પામી હતી. જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયામાં આવેલા પોસ રહેણાંક વિસ્તાર રામનાથ સોસાયટીમાં ગરબી ચોક વિસ્તારમાં રહેતા ભરતભાઈ ચંદુભાઈ પંચમતીયાના રહેણાંક મકાનમાં બીજા માળે ફીટ કરવામાં આવેલી સોલાર પેનલમાં કોઈ કારણોસર એકાએક આગ લાગી હતી. થોડી જ વારમાં આગએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. અને ધુમાડાના ગોટા સાથે આગની જવાળાઓ દૂર દૂર સુધી જોવા મળી હતી.

આ બનાવ અંગેની જાણ સ્થાનિક રહીશો દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા ચીફ ફાયર ઓફિસર મિતરાજસિંહ પરમારની સુચના મુજબ ફાયર વિભાગના મનસુખભાઈ મારુ, બ્રિજરાજસિંહ સરવૈયા તથા સુખદેવસિંહ વાઢેરની ટીમએ ફાયર ફાઈટર સાથે દોડી જઈને લાંબી જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો અને આગ પર વધુ પ્રસરતા અટકી હતી. આ આગમાં ઘર પરની સોલાર પેનલ તેમજ જનરેટર સેટ બળીને ખાખ થઈ જતા મકાન માલિકને વ્યાપક નુકસાની થવા પામી હતી. આ બનાવના પગલે નજીકના રહીશોમાં થોડોક સમય ભયનો માહોલ જોવા મળ્યો હતો.

પંચાયત સિંચાઇ વિભાગ, જિલ્લા પંચાયત, જુનાગઢ
ઓનલાઈન ઈ-ટેન્ડરની જાહેર નીવીદા નં.૦૬/૨૦૨૪-૨૫

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, જિલ્લા પંચાયત કચેરી, શશીકુંજ સામે, સરદારબાગ પાસે, જુનાગઢ-૩૬૨૦૦૧ ફોન નં.૦૨૮૫-૨૬૩૩૪૨૬ દ્વારા માન્ય નોંધણી કરાવેલ ઈજારદારશ્રી/મજુર સહકારી મંડળીઓ પાસેથી કુલ-૭ કામોની અંદાજીત રકમ રૂ.૫૪-૬૬ લાખના કામોના ટેન્ડરો ઓન લાઇન માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો https://tender.nprocure.com website ઉપરથી જોવા મળશે ઇજારદારશ્રીઓએ તમામ ડોકયુમેન્ટ સ્કેન કરી ઓનલાઇન મુકવાના રહેશે.

ઓન લાઇન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તારીખ	તા.૦૧/૦૨/૨૦૨૫ થી તા.૧૫/૦૨/૨૦૨૫ ૧૮:૦૦ કલાક સુધી
ટેન્ડર ફી સાધનીક કાગળો તેમજ અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તારીખ	તા.૨૧/૦૨/૨૦૨૫ ૧૮:૦૦ કલાક સુધી
ઓન લાઇન ટેન્ડર ખોલવાની તારીખ	તા.૧૭/૦૨/૨૦૨૫ ૧૧:૦૦ કલાકે

નોંધ: હવે પછી કોઈ પણ સુધારો ફક્ત ઓનલાઈન કરવામાં આવશે.

માહિતી/જુના/જા.ખ./૮૫૮/૨૫

પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન
ટાવર વેગન્સ માટે વાર્ષિક જાળવણી કરાર
ટેન્ડર સૂચના નંબર: DRM/TRD/BVP/2024-25/02 તા. 27.01.2025. ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે , ભાવનગર પરા નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર નંબર: 15-TRDBVP-2024-25. કામનું નામ: સાબરમતી-બોટાદ વિભાગ-વાંદરાઓ માટે એન્ટી-ક્લાઇમ્બિંગ ડિવાઇસની જોગવાઈ. ટેન્ડર રકમ: રૂ. 90,67,153.8/- ટેન્ડર ફી: NIL EMD રકમ: રૂ. 1,81,400/- સરનામું : DRM (ટ્રેક્શન) BVP, D R M ઓફિસ, ભાવનગર પરા-364003. બિડરોએ ફક્ત www.ireps.gov.in બિડ દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 24.02.2025 બપોરે 15.00 વાગ્યા સુધી રહેશે. 185
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન
નિર્માણ કાર્ય
ટેન્ડર નોટિસ નં : DYCECRJT-SUNR-RJT-49-R4 ભારતીય સંઘના પ્રમુખ વતી પશ્ચિમ રેલવે, રાજકોટના ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવી રહ્યા છે: (૧) કાર્યનું નામ અને તેનું સ્થાન: સુરેન્દ્રનગર-રાજકોટ ડબલિંગ પ્રોજેક્ટના સંદર્ભમાં રાજકોટ અને મોરબી જિલ્લા હેઠળ જમીન યોજનાઓનું અપડેટિંગ, સમાધાન અને મહેસૂલ અધિકારીઓ દ્વારા પ્રમાણપત્ર અને કોમ્પ્યુટરાઇઝેશન / ડિજિટાઇઝેશન. (૨) કામનો અંદાજિત ખર્ચ : ₹8027545.20 (શબ્દોમાં: રૂપિયા એંસી લાખ સત્તાવીસ હજાર પાંચસો પિસ્તાળીસ અને વીસ પૈસા માત્ર) (૩) કામ પૂર્ણ કરવાનો સમયગાળો : છ મહિના (૪) અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹160600.00 (૫) બિડ સબમિશનની તારીખ અને સમય અને બિડ ખોલવાની તારીખ : સબમિશન : ૨૫.૦૨.૨૦૨૫ ના ૧૫.૦૦ વાગ્યા સુધીમાં. ખુલવાની તારીખ ૨૫.૦૨.૨૦૨૫ ના ૧૫.૧૫ વાગ્યે. (૬) વેબસાઇટની વિગતો, નોટિસ બોર્ડ, ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય તે સ્થાન અને ઓફિસનું સરનામું : ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) ની ઓફિસ, પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ. વેબસાઇટ : www.ireps.gov.in 161
અમને લાઇક કરો: facebook.com/WesternRly

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **સંજયકુમાર સુર્યકાન્તભાઈ ગાંધી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **સંજય સુર્યકાન્ત ગાંધી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
સંજય સુર્યકાન્ત ગાંધી
એ-૩૦૪, મોતી પેલેસ, રાયજીનગર સામે, મોતીબાગ,
જૂનાગઢ - ૩૬૨૦૦૧

જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ટીકીટ મેળવવા માટે

ભાજપમાં જૂથવાદ, મતભેદ, પરીવારવાદનો જંગ જામ્યો : મોવડીમંડળ સ્તબ્ધ

એકને સાચવવા જતા અન્ય જૂથ નારાજ થાય હવે કરવું શું ?

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ મનપાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી ચૂંટણી અંગે રાજકીય સોગઠાબાજી અને ચોપાટ ખાસ કરીને ભાજપ દ્વારા ગોઠવવામાં આવી રહી છે. બીજી તરફ આ વખતે પણ કોર્પોરેશનનું રાજ કબ્જે કરવા માટે ભાજપ દ્વારા વ્યુહબાજી અપનાવવામાં આવી રહી છે. દરમ્યાન પક્ષનાં કાર્યકર્તાઓની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટેની સેન્સ લેવાની કાર્યવાહી પૂર્ણ થઈ છે પરંતુ બીજી તરફ ભાજપનાં જ આંતરીક જૂથોનાં મતભેદો સપાટી પર આવ્યા છે. ખાસ કરીને જૂથવાદ, મતભેદ, પરીવારવાદ અને ખેંચાખેંચી શરૂ થઈ છે અને છેક ઉપર સુધી કાં તો પોતાને અથવા નિયમ પ્રમાણે પોતાને ટીકીટ મળી શકે તેમ ન હોય તો તેમના પરીવારજનને ટીકીટ આપવાની માંગણી કરવામાં આવી રહી છે અને જોરદાર લોબીંગ પણ શરૂ કરવામાં આવ્યુ છે જેને લઈને પ્રદેશની નેતાગીરી પણ ચોંકી ઉઠી છે. એક તકે તો ટીકીટ ફાળવણીનો મુદો અત્યંત મુશ્કેલ બનતો જઈ રહયો છે.

દરમ્યાન સુત્રોનાં જણાવ્યા અનુસાર ભારતીય જનતા પાર્ટીએ ટીકીટ માટેની જે ગાઈડલાઈન મુકી છે તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે ૬૦ વર્ષની વય મર્યાદા અને સતત ત્રણ વખત જો ચૂંટણી લડયા હોય તેવા કોઈપણ ઉમેદવારને ટીકીટ આપવી નહી જેને લઈને વર્ષો થયા કોર્પોરેશનની સિંહાસનની ખુરશી કબ્જે કરનારા અને દલાતર વાડી માફક ભ્રષ્ટાચાર સતત આચરી રહેલા એક ડઝનથી પણ વધુ નેતાઓનાં પગ હેઠળ રેલો આવી ગયો છે. હવે પક્ષે જે નિર્ણય લીધો છે તેની ઉપરવટ જઈ શકાય નહી એટલા માટે આવા લોકોએ નવી યુકિત અજમાવી છે. ખાસ કરીને પોતે નહી તો પોતાના પરીવારનાં કોઈપણ એક સભ્યને ટીકીટ આપવાની માંગણી બુલંદ બનાવી છે તો બીજી તરફ તેઓનાં ફોર્મ ભરવાની વિધી પણ પુરી કરી લેવામાં આવી છે અને હવે ગાંધીનગર સુધીની રેસ ચાલુ કરી દીધી છે. આ ઉપરાંત અન્ય પક્ષમાં આવેલા અને ખાસ કરીને કોર્પોરેશનમાં ભારે વર્ચસ્વ ધરાવતા એવા નેતાઓ પણ આજે પોતાની રાજકીય કારકીર્દી ખતમ થાય તે પહેલા પોતાના જ પરીવારને મહત્વનાં પદ ઉપર લેવા માટે આગ્રહી બન્યા છે એટલા માટે સૌપ્રથમ ટીકીટ મેળવવા માટે સ્લડાઈ શરૂ થઈ છે તો બીજી તરફ ધારાસભ્ય જૂથ પણ પોતાના માણસોને ટીકીટ મળે તે માટે પ્રયત્નશીલ છે. આ સાથે જ લોકો જેઓને નકારી કાઢે છે તેવા છાપેલા કાટલા અથવા તેમના પરીવારને જો ટીકીટ આપશે તો વિપરીત પરીણામ આવી પડે તેવા સંજોગોમાં ભાજપનું મોવડીમંડળ કોને ટીકીટ આપે છે તે ઉપર સંબંધિતોની મીટ મંડાયેલી છે.

નો-રીપીટ, નો-પરીવારવાદ - સ્વચ્છ ઉમેદવારને ટીકીટ આપો : હિતરક્ષક સમિતિ

જૂનાગઢ મનપાની ચૂંટણીને અનુલક્ષીને હિતરક્ષક સમિતિએ પોતાનું વલણ નકકી કર્યુ

જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ મનપાની ચૂંટણીમાં સ્વચ્છ ઉમેદવારોને તક આપી આવા ઉમેદવારોને ટીકીટ આપવાની લાગણીને માંગણી જૂનાગઢ હિતરક્ષક સમિતિ દ્વારા કરવામાં આવી રહી છે. અને એક ચોકકસ માર્ગદર્શિકા પણ ચૂંટણીલક્ષી બહાર પાડવામાં આવી છે. મનપાની ચૂંટણી જયારે દરવાજે આવી ગઈ છે ત્યારે ગઈકાલે ચેમ્બર ઓફ કોમર્સ હોલ ખાતે સાંજનાં સમયે હિતરક્ષક સમિતિ દ્વારા શહેરનાં પ્રબુધ્ધ નાગરીકોની એક મહત્વની બેઠક બોલાવવામાં આવી હતી આ બેઠકમાં હિતરક્ષક સમિતિ દ્વારા પ્રથમ જાહેર કરવામાં આવ્યું હતું કે, સુપ્રિમ કોર્ટ દ્વારા તાજેતરમાં જ વોકળાનાં ગેરકાદેસર દબાણો દુર કરવાનો હુકમ કરેલ છે ત્યારે હિતરક્ષક સમિતિ દ્વારા આ બાબતે કમિશ્નરને મળીને રજુઆતો પણ કરવામાં આવનાર છે. આ સાથે જ મહાનગરપાલિકાની ચૂંટણીમાં હિતરક્ષક સમિતિનું વલણ કેવું રહે છે તે બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, હિતરક્ષક સમિતિ દ્વારા પોતાના ઉમેદવારને ઉભા નહી રાખે કે ચૂંટણી નહી લડે, તેમજ કોરી પાટીનાં સ્વચ્છ ઉમેદવારો હશે તેઓને સંપૂર્ણ ટેકો પણ જાહેર કરવામાં આવશે તેમજ મતદારોને પણ આ સ્વચ્છ ઉમેદવારને ચૂંટી કાઢવાની અપીલ પણ કરવામાં આવશે. આ ઉપરાંત એક ખાસ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે, દરેક રાજકીય પક્ષને વિનંતી કરવામાં આવે છે કે, કોર્પોરેશનની આ ચૂંટણીમાં નો-રીપીટ થિયરીનો અમલ કરવો. એટલું જ નહી તેમના પરીવારવાદને પણ પ્રોત્સાહન નહી આપવું અને જૂનાગઢ શહેરનો વિકાસ કરી શકે, લોકોની ફરીયાદનો નિવેડો લાવી શકે તેવા પ્રતિભાસંપન્ન ઉમેદવારને ટીકીટની ફાળવણી કરવાની માંગણી કરવામાં આવી છે. જો આમ નહી થાય તો આવા ઉમેદવારોનો વિરોધ પણ કરવામાં આવશે. પક્ષ કરતા કોઈ સ્વચ્છ વ્યકિત હશે તેને ટેકો હિતરક્ષક સમિતિનો મળશે તેવું જાહેર કરવામાં આવેલ હતું. ગઈકાલે યોજાયેલી પ્રબુધ્ધ નાગરીકની બેઠકમાં જૂનાગઢ શહેરમાંથી માત્રને માત્ર ૧૫થી ૨૦ જેટલા જ લોકો ઉપસ્થિત રહયા હતા અને આ સિવાય મોટાભાગનાં મીડીયાનાં મિત્રો હતા, એક તકે જૂનાગઢનાં લોકોને હિતરક્ષક સમિતિનાં એજન્ડામાં કોઈ રસ ન હોવાનું ચિત્ર ઉપસ્યું હતું પરંતુ એક વાત સારી હતી કે જે ધારાધોરણ હીતરક્ષક સમિતિએ નકકી કરેલા છે તે મુજબ જૂનાગઢ શહેરની જનતા જો સહયોગ આપશે તો જૂનાગઢમાં ચોકકસ પરીવર્તનની સાથે વિકાસ પણ થઈ શકશે.

જૂનાગઢ મનપાની ચૂંટણી માટે હિત રક્ષક સમીતીની માર્ગદર્શિકા

- જૂનાગઢ હિત રક્ષક સમીતીના હોદેદારો કોઈ ચુટણીમાં ઉભવાના નથી.
- નાગરીક સમીતી તરીકે કોઈ સ્વતંત્ર પક્ષ બનાવીને હિત રક્ષક સમીતીની ચુટણી લડવાની નથી.
- દરેક પાર્ટીના હોદેદારોને હિત રક્ષક સમીતીની વિનંતી કે કોઈ પણ સંજોગોમાં આ વખતે હાલની બોડીના સભ્યોને ટીકીટ આપવી નહી અને નો રીપીટ થીયરી લાગુ કરવી.
- હિત રક્ષક સમીતી સમગ્ર ચુટણીના પ્રચારમાં યોગ્ય ઉમેદરવાર પાસે પ્રચાર કરતી વખતે જો નો રીપીટ થીયરી લાગુ કરશે નહી તો તેનો વિરોધ કરશે અને તેજ ઉમેદવારને ફરી ન ચુટવા માટે પ્રજાને વિનંતી કરશે.
- ભરાયેલા ફોર્મમાંથી જે ઉમેદવારો કોર્પોરેટર તરીકે ઉભા રહ્યા હોય તેમાંથી જૂનાગઢ હિત રક્ષક સમીતીના હોદેદારો જો લાયક હશે તો તેમને ટેકો જાહેરમાં કરશે. તેમના ખર્ચે જૂનાગઢ હિત રક્ષક સમીતી તે વોર્ડના નાગરીકોને તેમને ચુટી કાઢવા વિનંતી કરશે. જરૂર પડયે વોર્ડની સભામાં પણ આ ઉમેદવાર પુરતો પ્રચાર કરવા માટે પણ આવશે.
- જૂનાગઢ હિત રક્ષક સમીતીના હોદેદારો નિર્ણય કરીને ઉભેલા ઉમેદવારમાંથી કોઈને ટેકો આપવાનું નકિક કરે ત્યારે પક્ષ જોવામાં આવશે નહી એટલે કે સારા ઉમેદવારો ભારતીય જનતા પાર્ટીમાંથી, કોંગ્રેસમાંથી, આપમાંથી કે અપક્ષ ઉભા હશે તો પણ તેમને ટેકો જાહેર કરશે.
- જૂનાગઢ હિત રક્ષક સમીતીનો ટેકો મેળવવા ઈચ્છતા ઉમેદવારે પોતે પક્ષ પલટો કરશે નહી તે જાહેર કરશે.
- કોર્પોરેટર તરીકે જે પગાર મળે છે તે કાંતો લેશે નહી અથવા તો જૂનાગઢની સેવાભાવી સંસ્થામાં આપી દેશે.
- મહાનગર પાલીકાના કોઈ પણ કોન્ટ્રાકટમાં ભાગીદાર તરીકે રહેશે નહી. પ્રત્યેક્ષ કે અપ્રત્યેક્ષ રૂપે નગર પાલીકાના આર્થીક હિતો સાથે સંકળાયેલા કોઈ કામમાં પોતે જોડાશે નહી.
- પોતાના વોર્ડની દરેક મહીને ઓછામાં ઓછી એક વખત મુલાકાત લેશે અને વોર્ડના રહેવાસીઓને કોઈ મુશ્કેલી હોય તો કમિશ્નર પાસે લઈ જશે અથવા તો કમિશ્નરને લઈને સ્થળ ઉપર દર મહીને લઈને એક વખત આવશે.
- જૂનાગઢ હિત રક્ષક સમીતીની ઉપરોકત શરતો માનય હોય તો તે માટેનું સોગંદનામું કરવાનું રહેશે.

અખાડા પરીષદે લીધો નિર્ણય

કુંભનાં મેળામાં મહેશગીરીને નો-એન્ટ્રી - શિવરાત્રી મેળામાં પડઘા પડશે

જૂનાગઢ તા. ૨૯

પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભ મેળામાં અખાડા પરીષદે તાજેતરમાં જ એક નિર્ણય લીધો હતો અને એ નિર્ણય એ છે કે, જૂનાગઢ ભૂતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરીને કુંભમેળામાં પ્રવેશ આપવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે જેને લઈને ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.

છેલ્લા કેટલાક સમય થયા ભવનાથ મહાદેવ મંદિરનાં મહંત હરીગીરી તેમજ ભૂતપનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી વચ્ચે આરપારની લડાઈ અને અસ્તિત્વનો જંગ ચાલી રહયો છે. ખાસ કરીને અંબાઈ મંદીરનાં મહંત તનસુખગીરી બાપુનાં દેહવિલય બાદ અંબાજી મંદિરનાં મહંતપદનો મામલો તેમજ તેની સાથે સાથે ભવનાથ મંદિરનાં મહંતપદે નિમણુંક પામેલા હરીગીરીએ કહેવાતા જે ખેલ કર્યા હતા તે અંગેનાં પુરાવાઓ સાથે મહેશગીરીએ એક લડાઈ ચાલુ કરી હતી અને કોઈપણ ભોગે ગીરનારને બચાવવા માટેનાં સફાઈ અભિયાનમાં એવો રણટંકાર કર્યો હતો કે હરીગીરીને ભવનાથ તો મુકાવીને રહીશ જ. આ વિવાદ સતત ચાલી રહયો છે. હાલ પ્રયાગરાજ ખાતે કુંભનો મેળો ચાલી રહયો છે અને તેમાં દેશભરનાં સાધુ-સંતો તેમજ વિવિધ અખાડા પરીષદ પણ ઉપસ્થિત છે. આ દરમ્યાન જૂનાગઢનો વિવાદ કુંભનાં મેળામાં પણ છવાયો છે અને અખાડા પરીષદે મહેશગીરીને કુંભનાં મેળામાં આવવા ઉપર પ્રતિબંધ મુકી દીધો છે અને તેના ઘેરા પ્રત્યાઘાતો સર્જાઈ શકે છે અને હાલ મહેશગીરી બાપુ રાણેશ્વર જગ્યા ખાતે ચાલતા મહાયજ્ઞમાં જોડાયેલા છે. આ મહાયજ્ઞ પૂર્ણ થતાની સાથે જ ભવનાથ ખાતે યોજાતા શિવરાત્રીનો મેળો આગામી તા. ૨૨ થી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન યોજાનાર છે ત્યારે શિવરાત્રીનાં આ મેળામાં હરીગીરી વિરૂધ્ધ મહેશગીરીનો ભારે જંગ જામે તેવા એંધાણ મળી રહયા છે.

કુંભનાં મેળામાં પ્રતિબંધની બાબત અફવા : હું સુખડ છું સાતેય અખાડામાં જઈ શકું છું : મહેશગીરી

જૂનાગઢ તા. ૨૯

ભેંસાણ તાલુકાનાં રાણપુર ખાતે આવેલા રાણેશ્વર મહાદેવ મંદિરનાં સાંનિધ્યમાં મહાયજ્ઞનો અતિ ભવ્ય કાર્યક્રમ ચાલી રહયો છે. દરમ્યાન ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરીએ કુંભનાં મેળામાં તેમની ઉપર પ્રવેશ પર પ્રતિબંધ લાગુ થયો છે તે બાબતે સણસણતું નિવેદન આપતા જણાવ્યું હતું કે હું કોઈપણ પદ પર નથી. તો મારી પર સેનો પ્રતિબંધ અને ખોટી અફવા ફેલાવનારા ખાલી મજા લઈ રહયા છે.

પ્રયાગરાજ મહાકુંભમાં ભુતનાથ મંદિરનાં મહંત મહેશગીરી પર પ્રતિબંધ લાગ્યો છે તેવા સમાભચાર પ્રસિધ્ધ થયા બાદ મહેશગીરી આ બાબતે ખુલાસો કર્યો છે. તેમણે કહયુંછે કે હું સુખડ છું એટલે કે સાતેય અખડામાં જઈ શકુ છું તો પછી મારી પર સેનો પ્રતિબંધ લાગી શકે તે સમજાતું નથી.

ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરીએ જણાવ્યું હતું કે હજુ સુધી એકપણ કાગળની કાર્યવાહી મારી પાસે પહોંચી નથી. બીજુ મહત્વનું એ છે કે હું સુખડ દશનામ અખાડામાં છું એટલે કે સાતેય અખાડામાં જઈ શકુછું. એટલે આવા કોઈ અખાડામાં હું પ્રતિબંધીત નથી આવી વાતો ફેલાવનારા લોકો ખાલી મજા લઈ રહયા છે.

જૂનાગઢ જીલ્લામાં અપમૃત્યુનાં પાંચ બનાવો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેર, મેંદરડા અને કેશોદમાં ૫ અપમૃત્યુના બનાવો નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે કિશોરભાઈ ગિરધરભાઈ ગજેરાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પત્ની મનીષાબેન (ઉ.વ.૪૬)ને છેલ્લા વીસેક વર્ષથી મગજની તકલીફ હોય અને પોતાનાથી કાંઈ કામ થતું ન હોય જેથી પોતાએ બીમારીના કારણે સેલફોર્સનો પાવર પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરેલ જયારે સી ડીવીઝન પોલીસ મથકે નીલેશગીરી રાજેન્દ્રગીરી મેઘનાથી જાહેર કરેલ કે પોતાના મૃતક પિતા રાજેન્દ્રગીરી(ઉ.વ.૫૫)વાળાઓ પોતાની મેળે ઘરેથી કોઈને કાંઈ કહયા વગર નીકળી ગયેલ હતા જેઓનું કોઈપણ અગમ્ય કારણોસર મૃત્યુ નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી. તેમજ મેંદરડામાં રહેતા મુકુંદભાઈ નિલેશભાઈ વઘાસીયા(ઉ.વ.૨૨)એ કોઈ કારણોસર સેલફોર્સના ટીકડા ખાઈ જતા સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયાનું વિજયભાઈ લક્ષ્મણભાઈ મોણપરાએ કેશોદ પોલીસ મથકે જાહેર કરેલ જયારે કેશોદના પોલીસ મથકે વિજયભાઈ પ્રભુદાસભાઈ અનડાએ જાહેર કરેલ કે પોતાના મૃતક માતા રંજનબેન (ઉ.વ.૭૭) પોતાના ઘરે ટાંકામાંથી પાણી ભરવા જતા જમીનમાં આવેલ ભોંય તળીયાના પાણીના ટાંકામાં પડી જવાથી મૃત્યુ નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી અને કેશોદ પોલીસ મથકે રાજશીભાઈ વરજાંગભાઈ મારૂ જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર દિવ્યેશભાઈ (ઉ.વ.૩૦)નો કોઈપણ રીતે ઝેરની અસરના લીધે સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં
મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
- હરકયુલિસ સાયકલ
- હીરો સાયકલ
- બીએસએ સાયકલ
- વિકટર ૯૧ સાયકલ
- હિલી સાયકલ
- કોરાડો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- દાસ સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર – સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી
સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ–મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર,
એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ,
જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ઓફર...ઓફર... M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર
LED TV રૂ. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator

બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં
મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪
ઉમીયાજી સીંગતેલ
મીની ઓઈલ મીલ
મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે,
ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...